Thursday
02.01.2025
✳Volume :9 ✳ Issue No.168
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

સમગ્ર રાજ્યમાં ૨૦૨૫માં વિવિધ ઐતિહાસિક સીમા ચિન્હરૂપ જન્મોત્સવની ઉજવણી કરાશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને સ્ટીયરીંગ કમિટીની પ્રથમ બેઠકમાં ઉજવણી આયોજનની વિશદ ભૂમિકા પ્રસ્તુત

સમગ્ર રાજ્યમાં ચાર મહત્વપૂર્ણ મહોત્સવ જનભાગીદારીથી યોજવા મુખ્યમંત્રીશ્રીએ માર્ગદર્શન આપ્યું

કમલમ્,

સમગ્ર ગુજરાતમાં ૨૦૨૫ના વર્ષમાં ઐતિહાસિક જન્મોત્સવ કાર્યક્રમની વિવિધ ઉજવણી જનભાગીદારી સાથે ભવ્ય રીતે થવાની છે. આ ઉજવણીમાં ખાસ કરીને ભારતીય બંધારણના શાશ્વત પણાસાથે રાષ્ટ્ નેતાઓના આદર્શો અને રાષ્ટ્ નિર્માણમાં તેમના યોગદાનને જન માનસમાં સર્જનાત્મક રીતે ઉજાગર કરવાનાં કાર્યક્રમો યોજાશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને આહેતુસર રચવામાં આવેલી સ્ટીયરીંગ કમિટીની મળેલી પ્રથમ બેઠકમાં આ કાર્યક્રમોની શાનદાર ઉજવણી માટેના આયોજનની વિશદ ભૂમિકા પ્રસ્તુત કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૫માં ભારતના બંધારણને ૭૫ વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે. આ નિમિત્તે ગુજરાતભરમાં “સંવિધાનના અમૃત મહોત્સવ”ની ઉજવણી કરાશે. સાથેજ, કટોકટીના ૫૦ વર્ષ પૂર્ણ થવા સંદર્ભે પણ ઉજવણી કરવામાં આવશે. આ ઉપરાંત “એક ભારત, શ્રેષ્ઠ ભારત”ના વિઝનસાથે ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મીજયંતીની તેમજ ભારતના પૂર્વ પ્રધાનમંત્રી સ્વ. શ્રી અટલ બિહારી વાજપેયીના ૧૦૦માં જયંતી વર્ષની પણ ભવ્ય ઉજવણી થશે. સાથે જ, ભગવાન બિરસામુંડાની ૧૫૦મી જયંતી નિમિત્તે ગુજરાતમાં વર્ષ ૨૦૨૫ને “જનજાતિય ગૌરવ વર્ષ” તરીકે ઉજવાશે. આ બધા જ ઉજવણી કાર્યક્રમોને વધુલોકભોગ્ય અને પ્રજા સહભાગીતા પ્રેરિત બનાવવા વિવિધ સ્પર્ધાઓ, વ્યાખ્યાનમાળાઓ, ટ્રાઇબલ હેરિટેજને પ્રોત્સાહિત કરતા જનજાતિ ગૌરવ મેળાઓ વગેરેના સમયબદ્ધ આયોજનની વિગતવાર પ્રસ્તુતિ મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીઓ સમક્ષ આ બેઠકમાં કરવામાં આવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ ઉજવણી કાર્યક્રમોને પરસ્પર સાંકળી લઈને સમગ્રતયા ગૌરવપૂર્ણ ગાથા તરીકે રાષ્ટ્રહિત ઉજાગર કરતા કાર્યક્રમો યોજવા બેઠકમાંમાર્ગદર્શન આપ્યું હતું. રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ અને વરિષ્ઠ સચિવો સહિત ૨૮ સભ્યોની આ સ્ટીયરીંગ કમિટીમાં રજૂ થયેલ પ્રેઝન્ટેશનને વધુ વ્યાપક અને જનભાગીદારી સભર બનાવવાના હેતુસર ઝીણવટપૂર્વક અભ્યાસ અને યોગ્ય સુધારાઓ માટે પ્રેરક સૂચનો પણ મુખ્યમંત્રીશ્રીએ કર્યા હતા. સંવિધાનનો અમૃત મહોત્સવ અને આપાતકાલના ૫૦વર્ષની ઉજવણી સંદર્ભે યોજાનારા વિવિધ કાર્યક્રમો અંગેઅગ્ર સચિવ શ્રી અશ્વિનીકુમાર તથા યુવક સેવાસાંસ્કૃતિક પ્રવૃત્તિના કમિશનર શ્રી આલોક પાંડેએ મુખ્યમંત્રીશ્રી તથા મંત્રીશ્રીઓ સમક્ષપ્રેઝન્ટેશન કર્યુંહતું. સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી ઉજવણી કાર્યક્રમના નોડલ વિભાગ તરીકે ગૃહ વિભાગ જવાબદારી સંભાળશે તેના અગ્રસચિવ શ્રીમતી નિપૂણા તોરવણએ તેમજ ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતી - જનજાતિય ગૌરવ વર્ષની ઉજવણી કાર્યક્રમની વિસ્તૃત માહિતી આદિજાતિ વિકાસ કમિશનર શ્રી ગુલાટીએ આપી હતી. શ્રી અટલ બિહારી વાજપેયીજીના ૧૦૦માં જન્મ જયંતી વર્ષની ઉજવણીના કાર્યક્રમોરાજ્યસરકારના સામાન્ય વહીવટ વિભાગ અને વહીવટી સુધારણા તાલીમ પ્રભાગ દ્વારા કરવામાં આવશે. આ કાર્યક્રમની વિગતવાર માહિતી દર્શાવતું પ્રેઝન્ટેશન અધિક મુખ્ય સચિવ શ્રી કમલ દયાનીઅને અગ્રસચિવ શ્રી ધનંજય દ્વિવેદી એ કર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને મંત્રીશ્રીઓએ આ પ્રેઝન્ટેશન નિહાળીને રચનાત્મક સૂચનો પણ કર્યાહતા.

મુખ્ય સચિવશ્રી રાજકુમાર, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રીઓશ્રી પંકજ જોશી, એમ. કે. દાસ સહિતસંબંધિત વિભાગના વરિષ્ઠ સચિવો આબેઠકમાં જોડાયા હતા.

૨૦૨૫માં રાજ્યમાં થશે આ ચાર ઉજવણી

- ★ સંવિધાનનો અમૃત મહોત્સવ-બંધારણના ૭૫માં વર્ષની ઉજવણી અને કટોકટીના ૫૦ વર્ષ
- ★ ‘એક ભારત, શ્રેષ્ઠ ભારત’ વિઝન સાથે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી
- ★ ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતી
- ★ શ્રી અટલ બિહારી વાજપેયીજીના ૧૦૦મા જન્મ જયંતી વર્ષની ઉજવણી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને રાજ્યમંત્રી મંડળની બેઠક

બનાસકાંઠા જિલ્લાનું વિશાળ જનહિતમાં વિભાજન કરીને બે જિલ્લા બનાવવાની જાહેરાત

૨૦૨૫ના વર્ષના પ્રથમ દિવસે ઉત્તર ગુજરાતને મુખ્યમંત્રીશ્રીની ભેટ

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાંમળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં ઉત્તર ગુજરાતને ૨૦૨૫ના વર્ષના પ્રથમ દિવસે નવા જિલ્લાની ભેટ રૂપે બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને બે જિલ્લા બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠા જિલ્લાના વિવિધ પદાધિકારીશ્રીઓઅને પ્રજાજનોની વર્ષો જુની માંગણી સકારાત્મક પ્રતિસાદ સાથે સંતોષતા હાલના બનાસકાંઠા જિલ્લામાંથીનવો વાવ-થરાદ જિલ્લોબનાવવાની જાહેરાત કરીછે. હાલનોબનાસકાંઠા જિલ્લો રાજયમાં તાલુકાઓની સંખ્યાની દ્રષ્ટિએ સૌથી વધુ ૧૪ તાલુકાઓ ધરાવે છેએટલું જ નહીવિસ્તારની દ્રષ્ટિએ પણબીજા ક્રમનોજિલ્લો છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વસ્તી, વિસ્તાર અને તાલુકાઓનું ભારણ ઘટે અને લોકોને સરકારી સવલતો વધુ સુગમતાથી મળી રહે તે માટે વિશાળ જનહિતમાં આ બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને બે જિલ્લાઓ વાવ-થરાદ અનેબનાસકાંઠા નામેબનશે. રાજ્ય સરકારના પ્રવકતા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે બનાસકાંઠા જિલ્લાના વિભાજન બાદ નવા રચાનારા વાવ-થરાદ જિલ્લા અંગેની વિગતો આપતા કહ્યું કે, હાલ આ જિલ્લાના ૧૪ તાલુકાઓમાંથી નવાબનનાર વાવ-થરાદ જિલ્લામાં વાવ, ભાભર, થરાદ, ધાનેરા,સૂઈગામ, લાખણી, દિયોદર અને કાંકરેજ એમકુલ ૮ તાલુકાઓ તેમજ ભાભર, થરાદ, થરા અને ધાનેરા એમ ચાર નગરપાલિકાઓનો સમાવેશ થશે. બનાસકાંઠા જિલ્લામાં બાકીના ૬ તાલુકાઓ પાલનપુર, દાંતા, અમીરગઢ, દાંતીવાડા, વડગામ અને ડીસા એમ કુલ ૬ તાલુકાઓ તેમજ પાલનપુર અને ડીસાએમ બે નગરપાલિકાઓનો સમાવેશ થશે. તેમણેકહ્યું કે, મુખ્યમંત્રીશ્રીએ બંને જિલ્લાઓમાં ગામડાઓનું વિભાજન મહદ્અંશે સમાન રીતે દરેક જિલ્લામાં ૬૦૦ આસપાસ રહે તેમ તથા વિસ્તાર વાવ-થરાદ જિલ્લામાં ૬૨૫૭ચો. કિ.મી અને બાનસકાંઠા જિલ્લામાં૪૪૮૬ ચો. કિ.મી રહે તે પ્રમાણે વિભાજન કરવામાં આવશે તેવા દિશાનિર્દેશ આપ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠા વિસ્તારના પ્રજાજનોને વહીવટી/ભૌગોલિક/ આર્થિક વગેરે બાબતે વધુ સુગમતા રહે તે આશયથી બનાસકાંઠા જિલ્લાનુંમુખ્ય મથક પાલનપુર અને વાવ-થરાદ જિલ્લાનું મુખ્ય મથક થરાદ રાખવાનુંનક્કી કર્યુછે. આના પરિણામે અગાઉ વાવ-થરાદ જિલ્લા બાજુનાઆઠ તાલુકાઓને મુખ્ય મથક પાલનપુર જવા માટે જે અંતર લાગતુંહતું તેમાંસરેરાશ ૩૫ થી ૮૫ જેટલા કિ.મી. અંતરમાં ઘટાડો થશે તથા સમય અને ઈંધણની બચત થશે. આ બે નવા જિલ્લાઓના સર્જનથી સરકાર તરફથી મળતું ભંડોળ/ગ્રાન્ટમાં વધારો થશે જેથી બનાસકાંઠાની જનતાની માળખાકીય અને માનવ વિકાસ સુવિધાઓમાં વધારો થશે તેમ જણાવતા પ્રવકતા મંત્રીશ્રીએ કહ્યુંકે, હવે આ નવાબનનારાવાવ-થરાદ જિલ્લા સાથે રાજ્યના કુલ જિલ્લાઓની સંખ્યા ૩૪ થશે.

કમલમ્,

ગાંધીનગર ખાતે ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર સાહેબે રાજ્યમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અન્વયે પ્રી-સ્કૂલની નોંધણી બાબતે સંચાલક મંડળની રજૂઆતો પરત્વે વિભાગના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી જરૂરી દિશાનિર્દેશ કર્યા.

‘જેકહેવુંતે કરવું’નો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈમોદીનો કાર્યમંત્ર સાકાર કરતી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર

શહેરી જનસુખાકારી સાથે નાગરિક સેવાઓને વધુ સુદ્રઢ બનાવવા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારનું વધુ એક ઐતિહાસિક પગલું

રાજ્યમાં એક સાથે ૯ નગરપાલિકાઓને મહાનગરપાલિકાનો દરજ્જો આપવાના નિર્ણયને રાજ્યમંત્રીમંડળની મંજૂરી

નવસારી, વાપી, આણંદ, નડિયાદ, મહેસાણા, સુરેન્દ્રનગર, મોરબી, પોરબંદર અને ગાંધીધામ એમ કુલ ૦૯ નગરપાલિકાઓ મહાનગરપાલિકા તરીકે કાર્યરત કરાશે

હવે હાલની મહાનગરપાલિકાઓની સંખ્યા કરતાં બમણી મહાનગરપાલિકાઓ અસ્તિત્વમાં આવશેઃ રાજ્યમાં ૧૭ મહાનગરપાલિકાઓ અને ૧૪૯ નગરપાલિકાઓ

કમલમ્,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી મંત્રીમંડળની બેઠકે રાજ્યમાં એક સાથે નવી ૯ મહાનગરપાલિકાની રચનાના નિર્ણયને મંજૂરીઆપીછે. મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વની વર્તમાન સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં નવસારી, વાપી, આણંદ, નડિયાદ, મહેસાણા, સુરેન્દ્રનગર/ વઢવાણ, મોરબી, પોરબંદર/છાયા અને ગાંધીધામ એમ કુલ ૦૯ નગરપાલિકાઓને મહાનગરપાલિકામાં રૂપાંતરિત કરવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ‘જે કહેવું તે કરવું’ના અપનાવેલા કાર્યમંત્રને અનુસરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના વડપણની સરકારે આ ૯ મહાનગરપાલિકાની રચનાને મંજૂરી આપીને મહાનગરપાલિકાઓ તાત્કાલિક અસરથી કાર્યરત કરી છે. રાજ્ય મંત્રીમંડળની બેઠકના આ નિર્ણયની ભૂમિકા આપતાં પ્રવક્તા મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત @ 2047ના દૂરંદેશી સ્વપ્નને સાકાર કરવા ‘અર્નિંગવેલ’ અને ‘લિવિંગ વેલ’ના ધ્યેય પાર પાડીનેવિકસિત ગુજરાત @ 2047ના વિઝનને સાર્થક કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પ્રતિબદ્ધ છે. ‘વિકાસના એન્જીન’ ગુજરાતમાં હાલ અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, જામનગર અને ગાંધીનગર મળી કુલ – ૦૮ મહાનગરપાલિકાઓ કાર્યરત છે. આ પૈકી જૂનાગઢ મહાનગરપાલિકાની વર્ષ ૨૦૦૨માં અને ગાંધીનગર મહાનગરપાલિકાની વર્ષ ૨૦૧૦માં રચના કરવામાં આવેલીછે. ત્યારબાદલગભગ ૧૪ વર્ષ બાદ આ નવી ૯ મહાનગરપાલિકાઓની રચના થઈ રહીછે. આનાપરિણામે રાજ્યમાં હાલની મહાનગર પાલિકાઓની સંખ્યા કરતા બે ગણી એટલે કે ૧૭ મહાનગરપાલિકાઓ અસ્તિત્વમાં આવી છે. ગુજરાતના શહેરી વિકાસમાં આ એક ઐતિહાસિક ઘટના છે તેનો વિશેષ ઉલ્લેખ પ્રવક્તામંત્રીશ્રીએ કર્યોહતો. નીતિ આયોગની ‘સિટીઝએઝ એન્જિન્સ ઓફ ગ્રોથ’ સંકલ્પના સાર્થક કરવા પ્રમાણમાં મોટા શહેરી વિસ્તારોનું ભવિષ્યલક્ષી આયોજન અને સુચારુ વહીવટતંત્રસ્થાપી શકાય તે માટે મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા મહાનગરપાલિકાઓની રચના કરીને તેમાંવિકાસલક્ષી કામો અને વહીવટીતંત્રમાંઅસરકારક્તા તેમજ પારદર્શિતા સુનિશ્ચિત કરવામાં આવી છે. આ સંદર્ભમાં આ ૯ નગરપાલિકાઓને મહાનગરપાલિકાનો દરજ્જો મળતાં હવે રાજ્યમાં મહાનગરપાલિકાઓનીસંખ્યા ૧૭ અને નગરપાલિકાઓની સંખ્યા ૧૪૯ થશે. રાજ્યમંત્રી મંડળના નિર્ણય અનુસાર નવસારી નગરપાલિકા તેમજ દાંતેજ, ધારાગીરી, એરુ અને હાંસાપોર ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને નવસારી મહાનગરપાલિકા બનશે. ગાંધીધામ નગરપાલિકા તેમજ કિડાણા, ગળપાદર, અંતરજાળ, શિણાય, મેઘપર-બોરીચી અને મેઘપર-કુંભારડી ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને ગાંધીધામ મહાનગરપાલિકા બનશે. મોરબી નગરપાલિકા તેમજ શક્તસનાળા, રવાપરા, લીલાપર,અમરેલી, નાની વાવડી, ભડીયાદ (જવાહર), ત્રાજપર (માળીયા વનાળીયા), મહેન્દ્રનગર (ઈન્દિરાનગર) અને માધાપર/વજેપર ઓજી ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને મોરબી મહાનગરપાલિકા બનશે. વાપી નગરપાલિકા તેમજ બલિઠા, સલવાવ, છીરી,છરવાડા, ચણોદ, કરવડ, નામધા, ચંડોર, મોરાઈ, વટાર, કુંતા ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને વાપી મહાનગરપાલિકા બનશે. આણંદ, વલ્લભવિદ્યાનગર અને કરમસદ નગરપાલિકા તેમજ મોગરી, જીટોડીયા, ગામડી અને લાંભવેલ ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને આણંદ મહાનગરપાલિકા બનશે. મહેસાણા નગરપાલિકા તેમજ ફતેપુરા, રામોસણા, રામોસણા N.A. વિસ્તાર, દેદીયાસણ, પાલાવાસણા, હેડુવા રાજગર, હેડુવાહનુમંત, તળેટીઅને લાખવડ ગ્રામ પંચાયતો ઉપરાંત પાલોદર, પાંચોટ, ગિલોસણ, નુગર, સખપુરડા અને લાખવડ ગ્રામ પંચાયતોના કેટલાક સર્વે નંબરવાળા વિસ્તારો સમાવિષ્ટ થઈને મહેસાણા મહાનગરપાલિકા બનશે. સુરેન્દ્રનગર/ દૂધરેજ/ વઢવાણ નગરપાલિકા તેમજ ખમીસણા, ખેરાળી, માળોદ, મુળચંદ અને ચમારજ ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને સુરેન્દ્રનગર મહાનગરપાલિકા બનશે. પોરબંદર/ છાયા નગરપાલિકા તેમજ વનાણા (વિરપુર), દિગ્વીજયગઢ, રતનપરઅને ઝાવર ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને પોરબંદર મહાનગરપાલિકા બનશે. નડિયાદ નગરપાલિકા તેમજ યોગીનગર, પીપલગ, ડુમરાલ, ફતેપુરા, કમલા, મંજીપુરા, ડભાણ, બીલોદરા, ઉત્તરસંડા અને ટુંડેલ ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને નડિયાદમહાનગરપાલિકા બનશે. પ્રવકતા મંત્રીશ્રીએ નગરપાલિકાઓને મહાનગરપાલિકાઓનો દરજ્જો મળતાજે ફાયદાઓલોકોને મળશે તેની વિગતો આપતાં ઉમેર્યુ કે, નગરપાલિકા/ગ્રામપંચાયતો મહાનગરપાલિકામાં રૂપાંતરિત થવાથી ત્વરિત, કાર્યક્ષમ અને પારદર્શી પ્રક્રિયા સાથે વહીવટ વધુ સુદ્રઢ થશે. આઉપરાંત રોડ-રસ્તા, ગટર વ્યવસ્થા, સ્વચ્છતા, પીવાનું શુદ્ધ પાણી, સિવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, આરોગ્ય લક્ષી સેવાઓ, શિક્ષણ, સ્ટ્રીટલાઈટ, બાગબગીચા, કોમ્યુનીટી હોલતથા ટ્રાન્સપોર્ટેશન વગેરે જેવી પાયાની સુવિધાઓ સુનિયોજિત રીતે મળતી થશે. મહાનગરપાલિકામાં જે ગ્રામ્ય વિસ્તારો ભેળવવામાંઆવે છે તેના નાગરિકોને તમામ નાગરિક સુવિધાઓ સમયસર અને સુઆયોજિત મળી રહે તે માટે રાજ્ય સરકાર જરૂરી તમામ નાણાંકીય તેમજ વહીવટી સપોર્ટ પૂરો પાડશે અને આ વિસ્તારના લોકોની સુવિધાઓમાં અનેકગણો વધારો થાય તે સુનિશ્ચિત કરવાની રાજ્ય સરકારનીનેમ છે. પ્રવક્તા મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, મહાનગરપાલિકાઓમાં શહેરી આયોજન (અર્બન પ્લાનિંગ) ટી.પી. સ્કીમ આધારિત અને ઓર્ગેનાઈઝ્ડ રીતે થતું હોવાથી ઉપલબ્ધ જમીનનો મહત્તમ ઉપયોગ થાય છે. મહાનગરપાલિકાઓમાં સુનિયોજિત રોડરસ્તા, કોમર્શીયલ, શૈક્ષણિક, કોમ્યુનિટી, રમતગમતનાં મેદાન જેવા હેતુ માટે જમીન ફાળવવામા આવશે. મહાનગરપાલિકા બનવાથી તેમાં વસતા લોકો ઉપરાંત નજીકના વિસ્તારોમાં વસતા લોકો માટે રોજગારીની વિપુલ તકો ઉપલબ્ધ થશે. આ વિસ્તારોમાં એક જ કેન્દ્ર પરથી વધુ વ્યાપક પ્રમાણમાં સેવાઓ પૂરી પાડી શકાશે અને નાગરિકોનું જીવનધોરણ ઊંચુ આવશે. એટલું જ નહિ, સમયાંતરે નવી મહાનગરપાલિકાઓમાં બી.આર.ટી.એસ., મેટ્રો રેલ, રિવરફ્રન્ટ જેવા વિશેષ પ્રોજેક્ટ્સ અમલમાં આવશે, તેથી નાગરિકોની સુખાકારીમાં વધારો થશે અને રાજ્ય સરકારની “સૌનો સાથ, સૌનો વિકાસ”ની નેમ સાથે ઈઝ ઓફલિવિંગને નવુંપીઠબળ મળશે.

તંત્રી સ્થાનેથી......

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે આજેપ્રધાનમંત્રીફસલવીમા યોજનાઅને પુનઃરચિતહવામાન આધારિત પાક વીમા યોજનાને ૨૦૨૫-૨૬ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપી છે. એ માટે ૨૦૨૧-૨૨ થી૨૦૨૫-૨૦૨૬ સુધીરૂ. ૬૯,૫૧૫.૭૧ કરોડરૂપિયાનો કુલ ખર્ચ નક્કી કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી ૨૦૨૫-૨૬ સુધીમાં સમગ્ર દેશમાં ખેડૂતો માટે અનિવાર્ય કુદરતી આફતોમાંથીપાકના જોખમને આવરી લેવામાંમદદ મળશે. આ ઉપરાંત, યોજનાનાઅમલીકરણમાં મોટાપાયે તકનિકીનાં ઉપયોગથીપારદર્શિતા અને દાવાની ગણતરી અને પતાવટમાં વધારો થશે. એ માટે કેન્દ્રીય મંત્રીમંડળે ૮૨૪.૭૭ કરોડ રૂપિયાનાં ભંડોળની સાથે ઈનોવેશન એન્ડ ટેક્નોલોજી (FIAT) માટે ફંડની રચનાને પણ મંજૂરી આપી છે. આ ભંડોળનો ઉપયોગયોજના હેઠળની તકનીકી પહેલો, જેમ કે, YES-TECH, WINDS, વગેરે તેમજ સંશોધન અને વિકાસ અભ્યાસો માટે ભંડોળ પૂરું પાડવા માટે કરવામાં આવશે. ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ઉપજ અંદાજ પ્રણાલી(YES-TECH) તકનીકી આધારિત ઉપજના અંદાજ માટે લઘુત્તમ ૩૦% મહત્વ આપતા ઉપજ અનુમાન માટે રિમોટ સેન્સિંગ ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે. હાલમાં ૯ મુખ્ય રાજ્યો હાલમાં તેનોઅમલ કરી રહ્યા છે (જેમાંઆંધ્ર પ્રદેશ, આસામ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા, તમિલનાડુ અને કર્ણાટક). અન્ય રાજ્યોને પણ ઝડપથીઆમાં સામેલકરવામાં આવી રહ્યાછે. YES-TECH નાવ્યાપક અમલીકરણસાથે પકલણણીનાં પ્રયોગો અનેસંબંધિત મુદ્દાઓધીમે ધીમે દૂર કરવામાંઆવશે. YES-TECH હેઠળ ૨૦૨૩-૨૪ માટે દાવાની ગણતરી અને પતાવટ કરવામાં આવી છે. મધ્યપ્રદેશે ૧૦૦% ટેકનોલોજી આધારિત ઉપજ અંદાજ અપનાવ્યો છે. હવામાન માહિતી અને નેટવર્ક ડેટા સિસ્ટમ્સ (WINDS) બ્લોકસ્તરે સ્વચાલિતહવામાન મથકો(AWS) અને પંચાયત સ્તરે સ્વચાલિત વરસાદ માપક (ARGs) સ્થાપવાની કલ્પના કરવામાં આવી છે. WINDS હેઠળ હાયપર લોકલ વેધર ડેટા વિકસાવવા માટે વર્તમાન નેટવર્કની ઘનતામાં ૫ ગણી વૃદ્ધિની કલ્પના કરવામાં આવીછે. આપહેલ હેઠળ,કેન્દ્ર અનેરાજ્ય સરકારોદ્વારા માત્ર ડેટાભાડા ખર્ચચૂકવવામાત્રછે.૯ મુખ્ય રાજ્યો WINDS લાગુકરવાની પ્રક્રિયામાં છે (કેરળ, ઉત્તર પ્રદેશ, હિમાચલપ્રદેશ પુડુચેરી, આસામ, ઓડિશા,કર્ણાટક, ઉત્તરાખંડઅને રાજસ્થાનમાંકાર્ય પ્રગતિમાંછે), જ્યારે અન્ય રાજ્યોએ પણ અમલકરવાની ઈચ્છાદર્શાવી છે. ટેન્ડરિંગ પહેલાં જરૂરીવિવિધ પૂર્વભૂમિકાતૈયારી અનેઆયોજન કાર્યને કારણે 2023-24 (EFC મુજબ પ્રથમવર્ષ) દરમિયાનરાજ્યો દ્વારા WINDS લાગુ કરીશકાયુ નથી.

વ્યારા કોલેજમાં "વિશ્વ ધ્યાન દિવસ"ની ઊજવણી કરવામાં આવી

કમલમ્,

શ્રી ર.ફ. દાબુકેળવણી મંડળસંચાલિત શ્રીમતીઆર.પી. ચૌહાણ આર્ટ્સ અને શ્રીમતી જે.કે. શાહ અને શ્રી કે.ડી. શાહ કોમર્સકોલેજ તથા બી.સી.એ. કોલેજ વ્યારા ખાતેNSS-NCC તથાઆર્ટ ઓફલીવીંગના સંયુક્ત ઉપક્રમે "વિશ્વ ધ્યાન દિવસ"ની ઊજવણી કરવામાં આવી હતી. સયુંક્તરાષ્ટ્ર એ૨૧- ડીસેમ્બરને 'વિશ્વ ધ્યાનદિવસ' તરીકેજાહેર કરેલ હોય કોલેજમાં અભ્યાસ કરતાવિદ્યાર્થીઓમાં યોગઅને ધ્યાન થકી સ્વાસ્થ્ય અને સુખાકારીની સમાજ કેળવાય તે આ ઊજવણી પાછળનો મુખ્ય ઉદ્દેશ હતો. કોલેજનાઆચાર્યશ્રી ડૉ.હિતેન્દ્રસિંહ વાય. ખરવાસિયાએ આપ્રસંગે વિવિધ વક્તાઓને આવકારી દરેક વ્યક્તિના જીવનમાં સ્વાસ્થ્ય અને સુખાકારીનું ખુબ મહત્વ છે અને તેમાટે યોગ અને ધ્યાન અનિવાર્ય છે. વર્તમાન સમયમાં માનવજીવન તણાવયુક્તઅને અનેક હાડમારીથી ભરેલું છે જેની અસર માનવીના સ્વાસ્થ્ય ઉપર થાય છે. તેમાંથી મુક્તિ મેળવવા યોગ અને ધ્યાન ખુબ ઉપકારક બને છે એમ જણાવીવિદ્યાર્થીઓને યોગ અને ધ્યાનનો માર્ગ અપનાવવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે સોહમ હોસ્પિટલ, વ્યારા થી ઉપસ્થિત ડૉ. જેનીશ ચૌહાણે આર્ટ ઓફ લીવીંગ" એ એક બિન-નફાકારક શૈક્ષણિક અને માનવતાવાદી સંસ્થા છે. જેની સ્થાપનાશ્રી શ્રીરવિશંકરજી દ્વારાકરવામાં આવીહતી એટલુજ નહી આ સંસ્થાભારત સહીતવિશ્વના ઘણા દેશોમાં ધ્યાનને લગતા કાર્યક્રમો કરે છે અને તેના ખુબ સારા પરિણામો વિશ્વને મળ્યા છે એમ જણાવી શાળા-મહાશાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ યોગ અને ધ્યાન ને પોતાના જીવનમાં અપનાવશે તો શૈક્ષણિક અને આરોગ્યના ક્ષેત્રે ખુબ સફળતા મેળવી શકશે એમ જણાવ્યું હતું. આ પ્રસંગે ડૉ. કામીનીબેન પટેલ, જ્યોતિબેન મહાલે, ભાવનાબેન ચૌધરી,રેખાબેન પાડવીઅને કપિલાબેન પાડવીએ પણ પ્રસંગોચિત ઉદબોધન કરીયોગ અને ધ્યાન કરાવ્યા હતા. યોગ અને ધ્યાન વિષયક જાગૃતિ વિદ્યાર્થીઓ અને લોકોમાં આવે તે માટે કોલેજ કેમ્પસમાં એક રેલીનું આયોજન પણ કરવામાંઆવ્યું હતું.સમગ્ર કાર્યક્રમનુંસંચાલન એન.એસ.એસ ના પ્રોગ્રામઓફિસર પ્રા.એસ. આર. ચૌધરી કર્યું હતું.

ડાંગ જિલ્લાની એકલવ્ય મોડેલ રેસીડેન્સિય સ્કુલ મહાલ ખાતે "સાયબર સેફ્ટી" અંગે સેમિનાર યોજાયો

કમલમ્,આહવા

ડાંગ જિલ્લાના મહિલા અને બાળ અધિકારીની કચેરી આહવા દ્વારા તારીખ ૩૧/૧૨/૨૦૨૪ ના રોજ એસ્પરેશનલ બ્લોક સુબીર તાલુકાના મહાલ ગામમાં આવેલ એકલવ્ય મોડેલ રેસીડેન્સિય સ્કુલ ખાતે "સાયબર સેફટી" અંગે સેમિનાર યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહિલા અને બાળ અધિકારીસુ.શ્રી મનિષાબેન એ. મુલતાનીએ જણાવ્યું હતું કે, વિશ્વભરના ઘણા વિદ્યાર્થીઓ શાળામાં અને ઘરે કમ્પ્યુટર પર પોતાનો સમય પસાર કરે છે. તેઓ શિક્ષકોને ઈ-મેલ કરવા અને મિત્રો સાથે જોડાવા માટે કમ્પ્યુટરનો ઉપયોગ કરે છે. જેમાંના કેટલાક કાર્યોમાં ઈન્ટરનેટનોસમાવેશ થાય છે.

ઈન્ટરનેટ એક મનોરંજક અને ઉપયોગીસાધન હોઈ શકે છે, પરંતુ તે જોખમીપણ હોઈ શકે છે. જેથી સાયબર સુરક્ષાની માર્ગદર્શિકા વિદ્યાર્થીઓને ઈન્ટરનેટનો ઉપયોગકરતી વખતે સુરક્ષિત રહેવામાં મદદ કરી શકે છે.આજે લગભગદરેક વ્યક્તિઓ મોબાઈલ ફોનનો ઉપયોગ કરી રહ્યા છે. આજે ઘણા બધા રોજીંદા કામ સ્માર્ટ ફોન દ્વારા ઓનલાઈન કરી શકાય છે. આ સાથે જ ઓનલાઈન ફ્રોડના કેસ પણ વધી રહ્યા છે. ટેક્નોલોજી આગળ વધી રહી છે તેમ લોકોને સાયબર ક્રાઈમનો પણ ખતરો રહે છે. હાલના દિવસોમાં સાયબર ફ્રોડનો શિકાર બનનારાલોકોનીસંખ્યામાં વધી રહી છે. દરરોજ એવા ઘણા સાયબર ક્રાઈમની ઘટનાઓ સામે આવી રહી છે જેના વિશે સૌ કોઈ જાણે છે. જેથી આપણી સાથે સાઈબર ફ્રોડની ઘટના થાય ત્યારે શું તકેદારી રાખવી તથા મૂંઝવતા પ્રશ્નો વિષયક વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. સાયબર ક્રાઈમના પોલીસ કોન્સટેબલ સુ.શ્રી આશાબેને સાયબર ક્રાઈમ થાય તો ટોલફ્રી હેલ્પલાઈન નંબર ૧૯૩૦ અને ઓનલાઈન નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ www.cybercrime.gov.in પ્લેટફોર્મ પર સાયબર ક્રાઈમ સંબંધિત ફરિયાદ કરી શકાય છે તેમજ સાયબર ક્રાઈમના કાયદા વિશે વિસ્તૃત માહિતી આપી હતી. બાળ સુરક્ષા એકમના પ્રોબેશન ઓફીસર શ્રી નિકોલસભાઈ દ્વારા POCSO Act-2012, બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬ કાયદાઅને પાલક માતા-પિતા યોજના વિશે માહિતી આપી હતી. આ ઉપરાંત મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી દ્વારા અન્ય મહાનુભાવો દ્વારા શી ટીમ વિશેની જાણકારી, સખીવન સ્ટોપ સેન્ટરની કામગીરી અને કિશોરીઓને લગ્ન પહેલા અને લગ્ન પછીઉદભવતા સમસ્યાઓનું નિરાકરણ કઈ રીતેલાવવું તે અંગે વિદ્યાર્થીનીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. સાથે જ બેટી બચાવો બેટી પઢાવો અને વ્હાલી દિકરી યોજના વિશે માહિતી આપવામાં આવીહતી. અહિં ગુડ ટચ બેડ ટચ વિશેની ટુંકી ચલચિત્રનું નિદર્શન પણ કરવામાંઆવ્યું હતુ,

કાપડમંત્રાલયની વર્ષાંત સમીક્ષા ૨૦૨૪: પ્રીમિયમ કવોલિટી ઈન્ડિયન કોટનને આગવી ઓળખ આપવા માટેકસ્તુરી કોટન ઈન્ડિયાની બ્રાન્ડટ્રેડમાર્ક તરીકે રજીસ્ટર કરવામાં આવી

સરકારે સાત વર્ષના સમયગાળા માટે રૂ. ૪૪૪૫ કરોડના ખર્ચ સાથે ૨૦૨૭-૨૮ સુધી પ્લગ એન્ડ પ્લે ફેસિલિટી સહિતની વૈશ્વિક કક્ષાની ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે ગ્રીનફિલ્ડ/બ્રાઉનફિલ્ડ સાઇટ્સમાં ૭ (સાત) PM મેગા ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઈલ રિજન અને એપેરલ (PM MITRA) પાર્ક સ્થાપવાની મંજૂરી આપી છે

કમલમ્,

ભારતીય ટેક્સટાઈલઅને એપેરલ ઉદ્યોગ ભારતનીઆર્થિકવૃદ્ધિ, નિકાસને વેગ આપવા, રોજગારીનું સર્જન કરવામાં, મહિલા સશક્તિકરણમાં અને ભારતની સમૃદ્ધ વારસા અને સંસ્કૃતિને પ્રદર્શિત કરવામાંમહત્વપૂર્ણ ભૂમિકાભજવે છે.

આ ઉદ્યોગ દેશનાજીડીપીમાં આશરે૨ ટકા, ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૦ટકા અને ભારતની એકંદર નિકાસમાં ૮.૨૧ ટકા યોગદાન આપે છે. વૈશ્વિક વેપારની દ્રષ્ટિએ ભારત ટેક્સટાઈલનો છઠ્ઠો સૌથી મોટો નિકાસકાર દેશછે, જે વર્લ્ડ ટ્રેક્સટાઈલની નિકાસમાં ૩.૯૧ ટકા હિસ્સો ધરાવે છે. સ્થાનિક કાપડઅને વસ્ત્રોનુંઉત્પાદન આશરે ૧૭૫.૭ અબજ અમેરિકન ડોલરનું છે. આ ક્ષેત્રમાં (૨૦૨૩-૨૪) નિકાસનો હિસ્સો ૩૫.૮૭ અબજ ડોલર હતો.ટેકસટાઈલ ક્ષેત્રખૂબ જ શ્રમનીજરૂરિયાત ધરાવે છે. એકંદરે આ ક્ષેત્ર૪૫ મિલિયનથી વધુ લોકોને સીધી રોજગારી પૂરી પાડે છે, જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને ગ્રામીણ વસ્તીનો સમાવેશ થાય છે. આને કારણે તેદેશમાં બીજાક્રમનું સૌથીમોટું રોજગાર ઉત્પાદકદેશ છે, જે કૃષિપછીનું છે.

મેક ઈનઈન્ડિયા, સ્કિલ ઈન્ડિયા, મહિલાસશક્તિકરણ, ગ્રામીણ યુવાનોનેરોજગારી અનેસર્વસમાવેશક વૃદ્ધિજેવા સરકારનાએકંદર ઉદ્દેશો સાથે પણ આ ક્ષેત્ર સંપૂર્ણ સુસંગત છે.

કપાસિયા ક્ષેત્ર:

કેલેન્ડર વર્ષ૨૦૨૪ દરમિયાન, બજારની નબળીસ્થિતિને કારણે કપાસના સરેરાશ ભાવ એમએસપી સ્તર પર ફરી રહ્યા છે. કપાસના ખેડૂતોને ટેકો આપવામાટે, કોટનકોર્પોરેશન ઓફઈન્ડિયા (સીસીઆઈ) એ ઓક્ટોબર ૨૦૨૪થી એમએસપીખરીદીની કામગીરી શરૂ કરી છે અને ૨૨.૧૨.૨૦૨૪સુધી એમએસપીકામગીરી હેઠળરૂ. ૧૬,૨૧૫ કરોડની આશરે ૪૨.૧૧ લાખ ગાંસડીની ખરીદી કરી છે. કપાસ હેઠળ કુલ ઉત્પાદન વૈશ્વિક સ્તરે પ્રથમ સ્થાનેછે. સીસીઆઈએ કપાસના ખેડૂતોને ઘણો ટેકોઆપ્યો છે અને એમએસપીની કામગીરી હેઠળઉપરોક્ત ખરીદીથી કપાસનાતમામ ઉત્પાદકરાજ્યોમાં આશરે૭.૭૫ લાખ કપાસના ખેડૂતોને લાભ થયો છે. સીસીઆઈએ કોટન અને ટેક્સટાઈલ ક્ષેત્રનાં લાભ માટે નીચે મુજબની પહેલો હાથધરી છે:

- ઓન સ્પોટ આધાર પ્રમાણીકરણ (ઓટીપી/બાયોમેટ્રિક ઉપકરણ મારફતે) આધારિતખેડૂતોની નોંધણી ફરજિયાત કરવામાંઆવી છે.
- કોટન સિઝન ૨૦૨૪-૨૫થી ખેડૂતોને ચુકવણી માટે એસએમએસ સેવા શરૂ કરી હતી. એક વખત બિલ જનરેટ થયા બાદ અને ચુકવણીની પુષ્ટિ થઈ જાય પછી, ખેડૂતોને તેમના આધાર સાથે જોડાયેલા તેમનામોબાઈલ નંબર પર સૂચનામળે છે.
- નેશનલ ઓટોમેટેડક્લીયરિંગ હાઉસ (એનએસીએચ) મારફતે કપાસનાં ખેડૂતોનાં આધાર સાથે જોડાયેલા બેંક ખાતાઓમાં ૧૦૦ ટકા સીધીચુકવણી થશે, જેથી એમએસપીનો લાભ વાસ્તવિક કપાસનાં ખેડૂતોને મળશે.

કોટનનુંબ્રાન્ડિંગ:કસ્તુરીકોટન ઈન્ડિયા

કસ્તુરી કોટન ઈન્ડિયાની બ્રાન્ડને પ્રીમિયમ ક્વોલિટી ઈન્ડિયન કોટનને એક અનોખી ઓળખઆપવા માટે ટ્રેડમાર્ક તરીકેનોંધવામાં આવી છે. વધુમાં, કસ્તુરી કોટનનીટ્રેસેબિલિટી જવાબદાર સોર્સિંગને પ્રોત્સાહન આપશે અને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સને ભારતીય કપાસનીસપ્લાય ચેઈન દૃશ્યતા પ્રદાન કરશે. ઈએલએસકપાસ માટે એક અલગ એચએસએન કોડપણ રજૂ કરવામાં આવ્યોછે. કાપડમંત્રાલયનો કસ્તુરીકોટન ભારત કાર્યક્રમ ભારતીય કપાસની ભાળમેળવવા, સર્ટિફિકેશન અને બ્રાન્ડિંગમાં એક અગ્રણી પ્રયાસછે. ભારતસરકાર, વેપારીએકમો અને ઉદ્યોગો વચ્ચે જોડાણની આ પહેલને રૂ. ૩૦ કરોડના અંદાજપત્રીય સમર્થન સાથે ઔપચારિક સ્વરૂપઆપવામાં આવ્યુંહતું, જેમાંવેપાર અનેઉદ્યોગ સંસ્થાઓ પાસેથી રૂ. ૧૫ કરોડ સામેલ છે. આ એમઓયુ પર ભારત સરકાર, ટેક્સટાઈલ મંત્રાલય અને ટેક્સપ્રોસિલ વતી સીસીઆઈ વચ્ચે ૧૫ કરોડ રૂપિયા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

ઊન ક્ષેત્ર:

ઊન નાક્ષેત્રમાં સંપૂર્ણ વૃદ્ધિ માટેટેક્સટાઈલ્સ મંત્રાલયે૧૫માંનાણાં પંચ એટલે કે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨થી ૨૦૨૫-૨૬ સુધીનાં સમયગાળાદરમિયાન અમલીકરણમાટે એક નવો સંકલિતકાર્યક્રમ એટલે કે ઈન્ટિગ્રેટેડ વૂલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (આઈડબલ્યુડીપી)ની રચના કરી છે, જેમાં ૧૫મીજૂન, ૨૦૨૧નાંરોજ યોજાયેલીઈએફસીની બેઠકની મંજૂરી મારફતેરૂ. ૧૨૬ કરોડની કુલનાણાકીય ફાળવણી કરવામાં આવી છે. એમઓટીની આઈડબ્લ્યુડીપીયોજના એ ઊન ક્ષેત્રના વિકાસ માટેની કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે. વધુમાં, આઈડબલ્યુડીપીની માર્ગદર્શિકાને એમઓટીદ્વારા મંજૂરીઆપવામાં આવીછે અનેતમામ મુખ્ય ઊન ઉત્પાદક રાજ્યોમાં આ યોજનાના અમલીકરણ માટે નોડલ એજન્સી તરીકે ટેક્સટાઈલ મંત્રાલયમાંસેન્ટ્રલ વૂલડેવલપમેન્ટ બોર્ડની નિમણૂક કરવામાં આવી છે.

રેશમ ક્ષેત્ર:

કાચા રેશમનું વાર્ષિક ઉત્પાદનવર્ષ ૨૦૨૩-૨૪દરમિયાન વધીને ૩૮,૯૧૩ મેટ્રિકટન થયું છે, જેવર્ષ ૨૦૧૩-૧૪માં૨૬,૪૮૦ મેટ્રિક ટન હતું. પૂર્વોત્તર રાજ્યોમાંકાચા રેશમનું ઉત્પાદન વર્ષ ૨૦૧૩-૧૪માં ૪,૬૦૧ મેટ્રિક ટનથી વધીને વર્ષ ૨૦૨૩-૨૪માં ૭,૬૭૦ મેટ્રિક ટન થયું છે. ૩એ-૪એ ગ્રેડની આયાત અવેજી બાયવોલ્ટિન કાચા રેશમનું ઉત્પાદન ૨,૫૫૯મેટ્રિક ટન (૨૦૧૩-૧૪)થી વધીને૯,૬૭૫ મેટ્રિક ટન (૨૦૨૩-૨૪) થયું છે. સિલ્ક હેઠળ કુલઉત્પાદન વૈશ્વિકસ્તરે બીજા સ્થાને છે. એઆરએમ મારફતે ઈન્ટરનેશનલ ગ્રેડ ક્વોલિટી સિલ્કનું ઉત્પાદન૨૫ ટકાથીવધીને ૩૫ટકાથયુંછે. વર્ષ૨૦૨૩-૨૪ દરમિયાન હેક્ટર દીઠ કાચા રેશમની ઉપજ વધીને ૧૧૦ કિલોગ્રામ થઈ ગઈ છે, જે ૨૦૧૩-૧૪ દરમિયાન ૯૫.૯૩ કિલોગ્રામ હતી. વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન રોજગારીનું સર્જન અંદાજે ૭૮.૫૦લાખ લોકોથીવધીને વર્ષ ૨૦૨૩-૨૪દરમિયાન ૯૪.૮૦લાખ વ્યક્તિઓએ કર્યું હતું.

હેન્ડલૂમ સેક્ટર:

હાથવણાટની વસ્તી ગણતરી ૨૦૧૯-૨૦ મુજબ દેશભરમાં ૩૫.૨૨ લાખહેન્ડલૂમ કામદારોછે, જેમાંથી ૭૨ ટકાથીવધુ મહિલાઓ છે. સ્મોલ ક્લસ્ટર ડેવલપમેન્ટ પ્રોગ્રામ (એસસીડીપી) હેઠળ ૧૨૦૦૧ લાભાર્થીઓને આવરી લેતાં ૫૧ વિદ્યાર્થીઓ માટે રૂ. ૪૬.૪૪ કરોડની સહાયજાહેર કરવામાંઆવી છે. ૧૩૩ માર્કેટિંગઈવેન્ટ માટે રૂ.૧૭.૫૫ કરોડની સહાય જાહેર કરવામાં આવી છે. મુદ્રા યોજના હેઠળ ૪૮૧૮ લાભાર્થીઓને લોન આપવામાં આવીછે. પ્રધાનમંત્રીજીવન જ્યોતિબીમા યોજના અને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના હેઠળ ૩૪,૨૪૦ લાભાર્થીઓનીનોંધણી કરવામાંઆવી છે. કાચા માલનાપુરવઠા યોજના હેઠળપરિવહન સબસિડીઅને કિંમતસબસિડી હેઠળકુલ ૨૦૩.૭૭૮ લાખ કિગ્રા યાર્નનોપુરવઠો પૂરો પાડવામાં આવ્યોહતો. ઈ-કોમર્સ પોર્ટલ એટલેકે indiahandmade.com 22.04.2023નારોજ લગભગ ૧૦૦૦ ઉત્પાદનો અને ૫૫૬ વિક્રેતાઓ સાથે સોફ્ટ લોન્ચ કરવામાં આવી હતી. ૦૫-૧૨-૨૦૨૪ના રોજ નં. ૧,૭૨૨ વિક્રેતાઓ સાથે અપલોડકરવામાં આવેલીપ્રોડક્ટ્સની સંખ્યા૯,૪૫૩ છે.

હેન્ડીક્રાફ્ટ સેક્ટર

- વિકાસ કમિશનરની કચેરી (હેન્ડીક્રાફ્ટ્સ) ૬ પ્રાદેશિક કચેરીઓમાં વિભાજિત ૬૭ હેન્ડીક્રાફ્ટ સર્વિસ સેન્ટર (એચએસસી) મારફતે હસ્તકલાક્ષેત્રના વિકાસઅને સંવર્ધન માટે નીચેની બે યોજનાઓનો અમલ કરીરહીછે.
- રાષ્ટ્રીયહસ્તકલાવિકાસકાર્યક્રમ (એનએચડીપી)—રૂ. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨થી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ સુધીનાં ગાળા માટે ૮૩૭કરોડનાં બજેટને મંજૂરી આપવામાંઆવી છે.
- કોમ્પ્રિહેન્સિવ હેન્ડિક્રાફ્ટ ક્લસ્ટર ડેવલપમેન્ટ સ્કીમ (સીએચસીડીએસ)- રૂ. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨થી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ સુધીનાસમયગાળા માટે ૧૪૨.૫૦ કરોડનુંબજેટ મંજૂર કરવામાંઆવ્યું છે.
- દેશની અર્થવ્યવસ્થામાં હેન્ડીક્રાફ્ટ ક્ષેત્ર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તે ગ્રામીણ અને અર્ધશહેરીમાં કારીગરોના વિશાળ વર્ગને રોજગારી પૂરી પાડે છે, જે આપણા સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને જાળવી રાખે છે.
- ટેક્સટાઈલ મંત્રાલયનીવિકાસ કમિશ્નર (હસ્તકળા)ની ક્ચેરી દ્વારા "પહચાન" પહેલ હેઠળ કુલ ૩૨.૦૩ લાખ કારીગરોને એકત્રિત કરવામાં આવ્યા છે, જેમાંથી ૯.૫૬ લાખ પુરુષ કારીગરો છે અને ૨૦ લાખ મહિલા કારીગરો છે.
- નાણાકીય વર્ષ૨૦૨૩-૨૪ દરમિયાનએનએચડીપી યોજના હેઠળ ૨૩૨૫કાર્યક્રમોને મંજૂરીઆપવામાં આવીછે, જેમાં૭૮૬ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય માર્કેટિંગ ઈવેન્ટ, ૬૭૪ સ્કિલિંગઈવેન્ટ અને અન્ય વિવિધ હસ્તક્ષેપ સામેલ છે, જેનાથી ૬૬,૭૭૫ કારીગરોને લાભ થશે.

પ્રધાનમંત્રી મિત્રા:

સરકારે ગ્રીનફિલ્ડ/બ્રાઉનફિલ્ડસાઈટ્સપર ૭(સાત) પ્રધાનમંત્રી મેગા ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઈલ રિજન એન્ડ એપરલ (પીએમ મિત્રા) પાર્ક સ્થાપિત કરવાની મંજૂરી આપી છે, જેમાં વર્ષ ૨૦૨૭-૨૮ સુધીના સાત વર્ષનાં ગાળા માટે રૂ. ૪૪૪૫ કરોડનાં ખર્ચ સાથે પ્લગ એન્ડ પ્લે સુવિધા સામેલ છે. સરકારે તમિલનાડુ (વિરુધનગર), તેલંગાણા (વારંગલ), ગુજરાત (નવસારી), કર્ણાટક (કલબુર્ગી), મધ્યપ્રદેશ (ધાર), ઉત્તરપ્રદેશ (લખનૌ) અને મહારાષ્ટ્ર (અમરાવતી) એમ કુલ૭ સ્થળોને પ્રધાનમંત્રી મિત્ર ઉદ્યાનોની સ્થાપના માટે અંતિમ સ્વરૂપ આપ્યું છે.

અત્યાર સુધીમાં રૂ. ૧૮,૫૦૦/- કરોડથી વધારે રોકાણની અપેક્ષિત સંભવિતતા ધરાવતા રોકાણ એમઓયુ પર હસ્તાક્ષર થયા છે. ૧૦૦ ટકા જમીન સંપાદિત કરીને એસપીવીને સોંપવામાં આવી છે. સરકાર દ્વારાસાઈટ્સની મંજૂરી પછી, પસંદ કરેલા રાજ્યો/ એસપીવીએ પાર્ક ગેટ સુધી પાણી, વીજળી અને રસ્તા જેવી માળખાગત સુવિધાઓ પ્રદાન કરવા માટે પ્રવૃત્તિઓ શરૂ કરી દીધી છે. ગુજરાત, ઉત્તરપ્રદેશ, તમિલનાડુ, કર્ણાટક અને તેલંગાણામાં પીએમમિત્ર સ્થળોપર પર્યાવરણ મંજૂરીની સુવિધાઉપલબ્ધછે. સપ્ટેમ્બર, ૨૦૨૪માંમાનનીય પ્રધાનમંત્રી દ્વારા પીએમ મિત્રા પાર્ક અમરાવતી મહારાષ્ટ્રનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.

નિફ્ટ

વારાણસીમાં નિફ્ટનાં ૧૯માં સંકુલનો શિલાન્યાસ માનનીય પ્રધાનમંત્રી ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૪નાં રોજ કરશે. નિફ્ટ, વારાણસી પરિસરે શરૂઆતમાં ત્રણ યુજી કાર્યક્રમો સાથે ૨૯ જુલાઈ, ૨૦૨૪થી કાર્ય કરવાનું શરૂ કર્યું છે અને ફેશન ઈન્ટિરિયર્સમાં યુજી કોર્સ ઓફર કરનારુ પ્રથમ નિફ્ટ કેમ્પસ છે. આદરણીય ટેક્સટાઈલ મંત્રીએ ૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ વિઝનજેએનએક્સટી લોન્ચ કર્યું હતું, જે ભારતની સૌપ્રથમટ્રેન્ડ ઈન્સાઈટ્સઅને ફોરકાસ્ટિંગલેબ છે.

નેશનલટેક્નિકલ ટેક્સટાઈલ્સ મિશન (એનટીટીએમ):

દેશમાંટેકનિકલ ટેક્સટાઈલ્સનેપ્રોત્સાહન આપવામાટે નેશનલ ટેકનિકલટેક્સટાઈલ્સ મિશન (એનટીટીએમ)ની રચનાવર્ષ ૨૦૨૦-૨૧થી વર્ષ ૨૦૨૫-૨૬નાં ગાળા માટે કરવામાં આવી હતી, જેમાં રૂ. ૧૪૮૦ કરોડનાં ભંડોળનાં ખર્ચ સામેલ છે. એનટીટીએમના મુખ્ય આધારસ્તંભોમાં 'રિસર્ચ ઈનોવેશનએન્ડ ડેવલપમેન્ટ', 'પ્રમોશન એન્ડ માર્કેટ ડેવલપમેન્ટ', 'એજ્યુકેશન, ટ્રેનિંગએન્ડ સ્કિલિંગ'અને 'એક્સપોર્ટ પ્રમોશન' સામેલ છે. આ મિશન પર વ્યૂહાત્મક ક્ષેત્રો સહિતદેશના વિવિધ મુખ્ય અભિયાનો, કાર્યક્રમોમાં ટેકનિકલ ટેક્સટાઈલ્સના ઉપયોગને વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આજની તારીખે પ્રાપ્ત થયેલી સિદ્ધિ સ્પેશિયાલિટી ફાઈબર્સ અને ટેકનિકલ ટેક્સટાઈલ્સની કેટેગરીમાંરૂ. ૫૦૯ કરોડ (અંદાજે)નાંમૂલ્યનાં ૧૬૮પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે.

સ્થાનિક વપરાશ અને આયાત એમબંને માટે ગુણવત્તા સુનિશ્ચિત કરવામંત્રાલયે વિવિધસેગમેન્ટમાં ૬૮ક્વોલિટી કન્ટ્રોલઓર્ડર (ક્યુસીઓ) જારી કર્યાછે, જેમાં૨૦ જિયો-ટેક, ૧૨ પ્રોટેક્ટિવ ટેક્સટાઈલ આઈટમ્સ, ૨૦એગ્રોટેક્સટાઈલઆઈટમ્સ, ૬ મેડિકલ ટેક્સટાઈલઆઈટમ્સ, રોપ્સ એન્ડ કોર્ડેજ હેઠળની ૦૯ આઈટમ્સ અને ઈન્ડુટેક ટેક્સટાઈલ્સ હેઠળ ૦૧ આઈટમ્સનો સમાવેશ થાય છે.ટેકનિકલ ટેક્સટાઈલ્સ માટે અત્યાર સુધીમાં ૬૦૦થી વધારે બીઆઈએસ ધારાધોરણો વિકસાવવામાં આવ્યાં છે, જેમાંએનટીટીએમની શરૂઆતથીટેકનિકલ ટેક્સટાઈલ્સમાટે ૨૦૦થી વધારે ધારાધોરણોસામેલ છે.

સિન્થેટિક એન્ડ રેયોન ટેક્સટાઈલ્સ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (એસઆરટીઈપીસી) ચહવેમેટેક્સિલને ટેકનિકલ ટેક્સટાઈલ્સનાપ્રમોશન માટે એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલની ભૂમિકા સોંપવામાં આવી છે.

ટેકનિકલ ટેક્સટાઈલ્સમાં ખાનગી અને સરકારી સંસ્થાઓ માટે અકાદમિક સંસ્થાઓને સક્ષમ બનાવવા માટે સામાન્ય માર્ગદર્શિકા એનટીટીએમ હેઠળમંત્રાલયો સાથેચર્ચાવિચારણા કરીને બહાર પાડવામાં આવી છે. રૂ. ૧૯૧ કરોડનાં મૂલ્યની આ પ્રકારની ૩૮ દરખાસ્તોને પ્રયોગશાળાનીસુવિધાઓમાં સુધારોકરવા અને ટેકનિકલ ટેક્સટાઈલ્સમાં ઈકો-સિસ્ટમ વિકસાવવા માટે ફેકલ્ટીને તાલીમ આપવા માટે ઉપરનાં દિશાનિર્દેશો હેઠળ મંજૂરી આપવામાં આવી છે. જનરલ ગાઈડલાઈન્સ ફોર ગ્રાન્ટ ફોર ઈન્ટર્નશિપ સપોર્ટ ઇન ટેકનિકલ ટેક્સટાઈલ્સ (જીઆઈએસટી) હેઠળ પેનલમાં સામેલ કંપનીઓ મારફતેસ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓને ઈન્ટર્ન તરીકે દર મહિને વિદ્યાર્થીદીઠ રૂ. ૨૦,૦૦૦સુધી પ્રોત્સાહન આપવામાં આવે છે. ઈન્ટર્નશિપપ્રદાન કરવા માટે ૧૬ કંપનીઓ/ટીઆરએની પેનલમાંસામેલ કરવામાંઆવી છે.

ટેક્સટાઈલ્સ ટ્રેડપ્રમોશન (ટીટીપી):

રાજ્ય અને કેન્દ્રીયકર વેરા અને લેવિસ (આરઓએસસીટીએલ)ની રિબેટ: ૭ માર્ચ, ૨૦૧૯ના રોજસરકારે રાજ્ય અને કેન્દ્રીય કરવેરાઅને લેવી (આરઓએસસીટીએલ)ની રિબેટને મંજૂરી આપી દીધી છે, જેથી આ ક્ષેત્રોની સ્પર્ધાત્મકતા વધારવા એપરલ/ગાર્મેન્ટ્સ અને મેડ-અપ્સની નિકાસપર તમામ સંલગ્ન રાજ્ય અને કેન્દ્ર કરવેરા/કરવેરામાંઘટાડો કરી શકાય. ઉપરાંતટેક્સટાઈલ ઉત્પાદનોનાખર્ચને સ્પર્ધાત્મક બનાવવા માટે કેન્દ્રીય મંત્રીમંડળેએપરલ/ગાર્મેન્ટ્સ (ચેપ્ટર-૬૧ અને ૬૨) અને મેડ-અપ્સ (ચેપ્ટર-૬૩)ની નિકાસ પર આરઓએસસીટીએલને ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપી છે. તદુપરાંત, આર.એસ.સી.ટી.એલ. હેઠળ આવરી લેવામાંન આવતાકાપડ ઉત્પાદનોને અન્ય ઉત્પાદનોનીસાથેનિકાસઉત્પાદનો (આરઓડીટીઈપી)પરનીફરજો અને કર માફી હેઠળ આવરી લેવામાંઆવે છે.

સમર્થ:

ટેક્સટાઈલસેક્ટરમાં કાર્યબળના કૌશલ્યને વધારવામાટે સરકારે ટકાઉ આજીવિકા માટે તક પૂરી પાડવાના ઉદ્દેશ સાથે વ્યાપક કૌશલ્ય નીતિ માળખાહેઠળ સમર્થ યોજના તૈયાર કરી છે. ૩૦.૦૯.૨૦૨૪ના રોજ યોજાયેલીઈએફસીની બેઠકમાં થયેલી ભલામણો અને માનનીય ટેક્સટાઈલ મંત્રી દ્વારાતેને મંજૂરી આપીને આયોજનાને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫થી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના સમયગાળા માટે લંબાવવામાં આવી છે, જેમાં રૂ. ૪૯૫ કરોડનો ખર્ચ થશે. ૩ લાખ વ્યક્તિઓને તાલીમ આપવી.

આયોજનાનો ઉદ્દેશસંગઠિત ટેક્સટાઈલ ક્ષેત્ર અને સંબંધિત ક્ષેત્રોમાં રોજગારીનું સર્જન કરવામાં ઉદ્યોગના પ્રયાસોને પ્રોત્સાહન આપવા અને પૂરક બનાવવા માગ સંચાલિતઅને પ્લેસમેન્ટ આધારિત નેશનલ સ્કિલ ક્વોલિફિકેશન ફ્રેમવર્ક (એનએસક્યુએફ) સુસંગતકૌશલ્યકાર્યક્રમો પ્રદાન કરવાનોછે, જેમાંસ્પિનિંગ અને વણાટને બાદ કરતાંટેક્સટાઈલ્સની સંપૂર્ણ વેલ્યુ ચેઈનને આવરી લેવામાં આવશે તથા આ ઉપરાંત તે પરંપરાગત ટેક્સટાઈલ સેક્ટરમાંકૌશલ્ય અનેકૌશલ્ય સંવર્ધન પણ પ્રદાન કરે છે.

આયોજના હેઠળ કૌશલ્યવર્ધન કાર્યક્રમનું અમલીકરણ કરનાર ભાગીદારો (આઈપી) મારફતેઅમલ કરવામાંઆવે છે, જેમાં ટેક્સટાઈલ ઉદ્યોગ/ઉદ્યોગ સંઘો, રાજ્ય સરકારની એજન્સીઓ અને ટેક્સટાઈલ મંત્રાલયનીક્ષેત્રીય સંસ્થાઓ સામેલ છે. યોજના ૧૯૧હેઠળ અમલીકરણ ભાગીદારો પ્રવેશ સ્તરના તાલીમ કાર્યક્રમ અને અપસ્કિલિંગ તાલીમ કાર્યક્રમમાં કામ કરી રહ્યા છે. ૩૦-૧૨-૨૦૨૪ સુધીમાં સમર્થ હેઠળ ૩.૫૪ લાખથી વધુ લાભાર્થીઓને તાલીમ આપવામાં આવી છે, જે પૈકી ૨.૭૯ લાખ લાભાર્થીઓને પ્લેસમેન્ટ આપવામાં આવ્યું છે.

ભારતટેક્સ

આ મંત્રાલયના સહયોગથી ટેક્સટાઈલ્સ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના કન્સોર્ટિયમદ્વારા ૨૬થી૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ દરમિયાન પ્રથમવખત ગ્લોબલ ટેક્સટાઈલ એક્સ્પો,ભારત ટેક્સ ૨૦૨૪નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય વૈશ્વિક કાર્યક્રમે દુનિયા સમક્ષ ભારતીય ટેક્સટાઈલ્સ ક્ષેત્રની અભૂતપૂર્વ તાકાતનું સફળતાપૂર્વક પ્રદર્શન કર્યું હતું તથા ટેક્સટાઈલ્સ અને ફેશન ઉદ્યોગમાં નવીનતમ પ્રગતિઓ, નવીનતાઓ અને પ્રવાહો પર પ્રકાશ પાડ્યો હતો. તેણે ભારતીય અને આંતરરાષ્ટ્રીય વ્યાવસાયિક ગૃહો તેમજ ટેક્સટાઈલ વેલ્યુ ચેઈનના વિવિધ સેગમેન્ટનાં ભારતીય ખેલાડીઓ વચ્ચે નેટવર્કિંગની તકો અને કિંમતી વ્યાવસાયિક જોડાણોને પ્રોત્સાહન આપવા માટે એક મંચની રચના કરી હતી.

ભારતટેક્સ ૨૦૨૪સફળતાપૂર્વક પૂર્ણથયા પછી ૧૧ ટેક્સટાઈલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ્સ (ટીઈપીસી)ના કન્સોર્ટિયમ દ્વારા સમાન પેટર્ન પર અને ટેક્સટાઈલ મંત્રાલય દ્વારા સમર્થિત અને આઈટીપીઓ (ભારત મંડપમ) ખાતે ૧૪ થી ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન યોજાનાર ટેક્સટાઈલ મંત્રાલય દ્વારા સમર્થિત બીજી આવૃત્તિ એટલે કે ભારતટેક્સટેક્સ ૨૦૨૫નું આયોજન કરવાનો નિર્ણયલેવામાં આવ્યો છે. પ્રગતિમેદાન અને ઈન્ડિયાએક્સ્પો સેન્ટર એન્ડ માર્ટ, ગ્રેટર નોઈડા ૧૨-૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધી. ટેક્સટાઈલ ક્ષેત્ર માટે મેગા ઈવેન્ટ તરીકે ભારત ટેક્સને પ્રોત્સાહન આપવાની અને તેને આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ્સના કેલેન્ડરમાંસ્થાપિત કરવાનીયોજના છે.

વર્ષ ૨૦૨૪માંસરકારની પ્રથમ ૧૦૦ દિવસનીરચન દરમિયાન મુખ્ય પહેલોમાંસામેલ છે:

હાથવણાટ અને હસ્તકળાઓઃ ૧૦૦ ક્લસ્ટરોમાં૩,૬૨૭ કારીગરો અને વણકરોનાંકૌશલ્ય વિકાસમાટે બંકર અને કારીગરીજૂથ કાર્યક્રમનો શુભારંભ; ૧૦માં રાષ્ટ્રીય હાથવણાટ દિવસની ઉજવણી, ઉત્તરપ્રદેશ, હિમાચલપ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં કારીગરોમાટે ક્રાફ્ટટૂરિઝમ વિલેજ અને કોમન ફેસિલિટીસેન્ટર્સ જેવાવિકાસલક્ષી પ્રોજેક્ટ્સ.

સિલ્ક સેક્ટરઃ ગુજરાતમાં એરીસિલ્ક પ્રોજેક્ટનોશુભારંભ અને સેન્ટ્રલ સિલ્કબોર્ડની પ્લેટિનમ જ્યુબિલી સેલિબ્રેશન, જેમાં સેરીકલ્ચર અને સિલ્કના ઉત્પાદનમાં થયેલી પ્રગતિદર્શાવવામાં આવી છે.

શણ ક્ષેત્રઃ કામદારો અને ખેડૂતોને લાભ થાય તે માટે શણની થેલીઓને કાઢી મૂકવા, આધુનિકીકરણ અને પર્યાવરણીય સ્થિરતાને પ્રોત્સાહન આપવા માટે એક નવી કિંમત પદ્ધતિ.

ટેકનિકલ ટેક્સટાઈલ્સઃ ઈન્ટરનેશનલ કોન્ફરન્સઓન ટેકનિકલ ટેક્સટાઈલ્સ, એનટીટીએમ હેઠળ ૧૧ સ્ટાર્ટઅપ્સનો શુભારંભ અને ભારતની પ્રથમ એઆઈ-આધારિત ફેશન ટ્રેન્ડ ફોરકાસ્ટિંગ સિસ્ટમ વિઝિઓએનએક્સટીની રજૂઆત.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટઃ મહારાષ્ટ્રમાં પીએમ મિત્રા પાર્કની સ્થાપના, જેનો ઉદ્દેશ ભારતને વૈશ્વિક ટેક્સટાઈલ હબ તરીકે સ્થાપિત કરવાનોછે.

મેગા ઈવેન્ટ્સઃ ભારત ટેક્સ ૨૦૨૫ માટે કર્ટેન-રેઈઝર, આંતરરાષ્ટ્રીય રોકાણોઅને ખરીદદારોનેઆકર્ષવામાટેવૈશ્વિક ટેક્સટાઈલ ઈવેન્ટ છે.

એસ. વી આર્ટ્સ કોલેજ, અમદાવાદ ખાતેથી જિલ્લા કક્ષાના રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણીનો પ્રારંભ

માર્ગ સલામતી, ટ્રાફિક નિયમોનું પાલન, માર્ગ અકસ્માતમાં મૃત્યુઆંક ઘટાડવાના ઉપાયો સહિતના વિષયો અંગે ઉપસ્થિતોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું

કમલમ્,

૧ જાન્યુઆરી, ૨૦૨૫થી શરૂ થઈ રહેલા રાષ્ટ્રીય માર્ગ સલામતી માસનીઉજવણી અંતર્ગત જિલ્લા કક્ષાની ઉજવણી અંતર્ગત એસ. વી આર્ટ્સ કોલેજ ખાતે કાર્યક્રમ યોજાયોહતો. કાર્યક્રમના ઉદ્ઘાટન સમારંભમાં અમદાવાદ RTO શ્રી જે. જે. પટેલે વિદ્યાર્થીઓને માર્ગ સલામતિ માસની ઉજવણી માટેનો મુખ્ય ઉદ્દેશ સમજાવીને આ ઉજવણીમાં જોડાવા અને જાગૃતતા ફેલાવવા સૌને અનુરોધ કર્યો હતો. તેમણે માર્ગ અકસ્માતમાં કેવી રીતે મૃત્યુ આંક ઘટાડી શકાય તે અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. રિજિનલ એન્ફોર્સમેન્ટ અધિકારી શ્રીમતી ઋત્વિજા દાણી દ્વારા માર્ગ સલામતિ અંગે પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું, તેઓએ ઓડિયો વિડીયો માધ્યમના ઉદાહરણો દ્વારા સેફટી અંગે જાણકારી આપી હતી. ગુજરાત રાજ્યના ગુજરાત રોડ સેફટી ઓથોરીટી અને જિલ્લા માર્ગ સલામતિ સમિતિ દ્વારા એસ. વી કોલેજ ખાતે આ પ્રસંગે રોડ સેફટી સેમિનારનું પણ આયોજન કરાયું હતું. અમદાવાદ ગ્રામ્ય બાવળાના છઈઈ શ્રી એચ. એ. પટેલે ઉપસ્થિત સૌને માર્ગ સલામતીજાળવવા અને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અંગેના શપથ લેવડાવ્યાહતા. આ પ્રસંગેઅમદાવાદવસ્ત્રાલARTO શ્રી કે. ડી પરમાર, અમદાવાદ છઈઈ શ્રી એ. એમ. પરમાર, એસ. વી આર્ટ્સ કોલેજના આચાર્ય ડૉ. જગદીશ ચૌધરી, એસ. વી કોમર્સ કોલેજના આચાર્ય ડૉ. રૂપલબેન પટેલ, ડૉ. યુ. સી પટેલઆર્ટ્સ અને કોમર્સ કોલેજના આચાર્ય ડૉ. હિતેન્દ્ર વ્યાસ સહિત તમામ કોલેજનાઅધ્યાપકો, કર્મચારીઓ RTO અમદાવાદનીસમગ્રટીમ, NCC કેડેટ અને NSSવિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વ્યારા કોલેજમાં આંતર યુનિ. વ્યાખ્યાનમાળા અંતર્ગત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું

કમલમ્,

શ્રી ર.ફ. દાબુ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.પી. ચૌહાણ આર્ટ્સ અને શ્રીમતી જે.કે. શાહ અને શ્રી કે.ડી. શાહ કોમર્સ કોલેજ તથા બી.સી.એ. કોલેજ વ્યારા ખાતેખાતેIQAC Cell ના અને સમાજશાસ્ત્ર વિભાગના સંયુકત ઉપક્રમે આંતર યુનિ. વ્યાખ્યાનમાળાઅંતર્ગત ભાવનગર યુનિ. સંલગ્ન શ્રી એ.કે. દોશી. મહિલા કોલેજ જામનગરના અધ્યાપિકા ડૉ.ભાવનાબેન ગમીતે "વિલ્ફ્રેડ પેરેટોના" વિષયક સમાજશાસ્ત્રના અનુસ્નાતકના વિધાર્થીઓ માટે વ્યાખ્યાન આપ્યું હતું. આ પ્રસંગે કોલેજના આચાર્યશ્રી ડૉ. હિતેન્દ્રસિંહ વાય. ખરવાસિયાએ વર્તમાન સમયમાં સમાજશાસ્ત્ર વિષયનું મહત્વ ખુબ વધી રહ્યું છે એમ જણાવી સમજશાસ્ત્રના અભ્યાસુઓ વર્તમાન સમયની વાસ્તવિક પરિસ્થિતિનો અભ્યાસ કરી સામાજિક બદીઓમાંથી દેશ અને સમાજને બહાર લાવે અને શ્રેષ્ઠ સમાજ વ્યવસ્થાનું ઘડતર કરવામાં ઉપયોગી બને એમ જણાવી આવા વ્યાખ્યાનો વિદ્યાર્થીઓ માટે ખુબ ઉપયોગી બને છે તેમ જણાવ્યું હતું. સમાજશાસ્ત્ર વિષયનાઅધ્યક્ષ અને પી.જી. ઈન્ચાર્જ ડૉ. ભાવનાબેન બેન્દ્રેએ વક્તાનો વિસ્તૃત પરિચય આપી આજના વક્તાએ આપણી કોલેજનાભૂતપૂર્વ વિદ્યાર્થીની છે તેમ જણાવી વર્તમાન અને આવનાર સમયમાં સમાજશાસ્ત્ર વિષય વિવિધ ક્ષેત્રે કેટલો ઉપયોગી બની શકે એની સમાજ આપી હતી. સમારંભના મુખ્ય વકતા ડૉ. ભાવનાબેન ગામીતે ભૂતકાળના વ્યારા કોલેજનાં એક વિદ્યાર્થી તરીકેના પોતાના અનુભવોને યાદ કરી "વિલ્ફ્રેડ પેરેટોના "નું સમાજશાસ્ત્ર વિષયમાંજે યોગદાન આપ્યું હતું તેની ચર્ચા કરી તાર્કિક અનેબિનતાર્કિક ક્રિયા, અગ્ર વર્ગના પરીભ્રમણ અને બિન-અમલદારશાહીના વિવિધ ઉદાહરણો, સામાજિક સંશોધન, તે માટેની પધ્ધતિ અને પ્રયુક્તિની સમજુતી તથા આ બંને વચ્ચેના ભેદને વિદ્યાર્થીઓ સમક્ષ રજુ કર્યા હતાઆ ઉપરાંતઆજના સ્પર્ધાત્મક યુગમાં વિવિધપરિક્ષાઓમાં ઉતીર્ણ થવાનું માર્ગદર્શન પણ આપ્યું હતું. કાર્યક્રમના અંતેઅનુસ્નાતકના વર્ગો લેવા માટે આવતા કુ.ડૉ. સેજલબેન ગામીતે આભારવિધિ કરી હતી.

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીઅંતર્ગતસ્કૂલ ઓફ પ્રાઈવેટ, ઈન્ડસ્ટ્રીયલઅને કોર્પોરેટ સિક્યુરિટી મેનેજમેન્ટ દ્વારા સુરક્ષા વ્યૂહરચનાઓ પર ૩-દિવસીય વર્કશોપનું આયોજન કરાયું

કમલમ્,

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે સ્કૂલ ઓફ પ્રાઈવેટ, ઈન્ડસ્ટ્રીયલ અને કોર્પોરેટ સિક્યોરિટી મેનેજમેન્ટ (SPICSM) એ ૧૭-૧૯ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના ગાંધીનગર કેમ્પસ ખાતે સુરક્ષા વ્યૂહરચનાઓ પર ૩-દિવસીય પરિવર્તનકારી વર્કશોપનું સમાપન કર્યું છે. ટાટાપાવરના પ્રોફેશનલ્સ, જેમની સક્રિય સહભાગિતાએ કાર્યક્રમનું મહત્વ વધાર્યું હતું તથા ઉર્જા અને માળખાકીય સુરક્ષાને વધારવીતેવી મહત્વના વિચારો પર ધ્યાન આપવામાં આવ્યું હતું. આ વર્કશોપ નિર્ણાયક ઉદ્યોગની જરૂરિયાતોને સંબોધવા, સુરક્ષાઅને જોખમ મૂલ્યાંકન, ઓડિટ, સર્વેલન્સ ટેક્નોલોજીઅને સાયબર સુરક્ષામાં અદ્યતન જ્ઞાન અને વ્યવહારુ નિપુણતાથી સજ્જ વ્યક્તિઓને તૈયાર કરે છે. આ કાર્યશાળામાં જાણીતા નિષ્ણાતોએ સુરક્ષાઅને જોખમમૂલ્યાંકન અને ઓડિટ; શારીરિક સુરક્ષા માટે કોર્પોરેટ ઈન્ટેલિજન્સઅને સર્વેલન્સ અનેસાયબર સુરક્ષાજેવા મહત્વના વિષયો પર જ્ઞાન પ્રદર્શિત કર્યું હતું. આ પ્રોગ્રામ ટાટા પાવર પ્રોફેશનલ્સને સલામતી અને સ્થિતિસ્થાપકતામાંઉચ્ચ બેન્ચમાર્ક સેટ કરવામાટે સશક્તબનાવે છે, જે ઉર્જા ક્ષેત્રમાં નવીનતા અને શ્રેષ્ઠતા ચલાવવામાં એક સીમાચિહ્નરૂપ છે. વર્કશોપના અંતિમ દિવસે, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના પ્રોવાઈસ ચાન્સેલર પ્રો. (ડૉ.) કલ્પેશ એચ. વાન્દ્રા દ્વારા સમાપન સંબોધન અપાયું હતું. જેમણે તમામ સહભાગીઓને પ્રમાણપત્રો અર્પણ કર્યા હતા અને ટ્રેનર્સ અને ફેકલ્ટી સભ્યોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

સમારંભ દરમિયાન, તેમના સમર્પણ અને કુશળતા માટે, SPICSM ના નિર્દેશક શ્રી નિમેશ દવેએ કાર્યક્રમની સફળતા સુનિશ્ચિત કરવામાં સામેલ દરેક વ્યક્તિના અમૂલ્ય યોગદાનને બિરદાવતા આભાર વ્યક્ત કર્યો. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે કેવી રીતે સામૂહિક પ્રયાસોએ સહભાગીઓને વાસ્તવિક દુનિયાના પડકારોને આત્મવિશ્વાસપૂર્વકઅને અસરકારક રીતેસંબોધવા માટે જરૂરી કૌશલ્યો અને જ્ઞાનથી સજ્જ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી સુરક્ષા અને સ્થિતિસ્થાપકતાને આગળ વધારવામાં અડગભાગીદાર તરીકે તેનીપ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે. અત્યાધુનિક પ્રશિક્ષણ, સંશોધન અને સહયોગ દ્વારા, યુનિવર્સિટી ઊંડી જોડાણ માટે તકો પૂરી પાડવાનું ચાલુ રાખે છે, વ્યાવસાયિકોને નિર્ણાયક ક્ષેત્રોમાં ધોરણોને ફરીથી નિર્ધારિત કરવામાટે સશક્તિકરણ કરે છે.

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી વિષે

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, રાષ્ટ્રીય મહત્વની સંસ્થા, રાષ્ટ્રીય સુરક્ષાના ક્ષેત્રમાં શિક્ષણ અને તાલીમ આપવા માટે સમર્પિત છે. યુનિવર્સિટી ખાનગીઅને કોર્પોરેટ સુરક્ષા ક્ષેત્રોની વિવિધ જરૂરિયાતોને પૂરી કરવામાટે ખાનગી, ઔદ્યોગિક અને કોર્પોરેટ સુરક્ષા વ્યવસ્થાપન સહિતના વિવિધ અભ્યાસક્રમો પ્રદાન કરે છે. અનુભવી ફેકલ્ટી અને અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ટીમ સાથે, ઈઈ સક્ષમવ્યાવસાયિકો બનાવવા માટે પ્રતિબદ્ધ છે જે સુરક્ષા ઉદ્યોગના વિકાસ અને વિકાસમાં યોગદાન આપી શકે.

સીબીઆઈ કોર્ટે બનાવટી વીમા દાવા સંબંધિત કેસમાં પાંચ આરોપીઓને પાંચ વર્ષની સખત કેદ અને કુલ રૂ. ૨૩.૫ લાખના દંડની સજા ફટકારી

કમલમ્,

સીબીઆઈ કેસો માટેના વિશેષ ન્યાયાધીશ, કોર્ટ નંબર ૦૭, અમદાવાદે ૩૦.૧૨.૨૦૨૪નારોજ નકલીવીમા દાવાસંબંધિત કેસમાં ૦૫ આરોપીદિનેશ પુરુષોત્તમદાસપટેલ, સંજય આર. ચિત્રે, મનન ડી. પટેલ, શિશુપાલ રાજપૂત અને અમરસિંગ બિયાલભાઈને પાંચ વર્ષની સખતકેદ અને કુલ રૂ. ૨૩.૫ લાખનો દંડ ફટકાર્યોહતો. સીબીઆઈએ ૩૦.૦૧.૨૦૦૩ના રોજ તત્કાલિન સિનિયર ડિવિઝનલ મેનેજર, ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપનીલિમિટેડ (NIACL), નવસારી (ગુજરાત) અને અન્યો વિરુદ્ધ તાત્કાલિક કેસ નોંધ્યો હતો. એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે સરકારી કર્મચારીઓએ ખાનગી વ્યક્તિઓ સાથે મળી ગુનાહિત કાવતરું ઘડ્યુંઅને બનાવટીદસ્તાવેજોના આધારે વીમાના દાવા મંજૂર કર્યાહતા. જેનાથીન્યૂ ઈન્ડિયાએશ્યોરન્સ કંપનીલિમિટેડને નુકસાન થયું હતું. તપાસ દરમિયાન એવું બહાર આવ્યું કે સિનિયર ડિવિઝનલ મેનેજરના જણાવ્યા અનુસાર આરોપીએ ગુનાહિત કાવતરું ઘડ્યુંહતું અને બનાવટી દસ્તાવેજોના આધારે વીમા દાવામંજૂર કર્યા હતા. જેના કારણે ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લિમિટેડને ૧૯૯૯ - ૨૦૦૦નાં સમયગાળા દરમિયાનની એક પોલિસીમાં રૂ. ૪,૮૯,૪૮૮નું નુકસાન થયું હતું. આરોપીઓવચ્ચે ઘડાયેલા ગુનાહિત કાવતરા મુજબ મનન પટેલ અને દિનેશ પટેલે વીમા કંપની પાસે તેમના રસાયણોનો વીમો લીધો હતો અને ખોટના સંદર્ભમાં બનાવટી દસ્તાવેજો બનાવ્યા હતા અને વીમા કંપનીમાં દાવો દાખલ કર્યો હતો . એસ.આર. ચિત્રેએ આ બનાવટી દસ્તાવેજોના આધારે દાવાની આકારણી કરી અને અકસ્માતને સાચો બતાવતા ફોટા ગોઠવ્યા હતા. જ્યારે આરોપીઅમરસિંગ બિયાલભાઈ, જે તત્કાલીન એએસઆઈ/ઈન્ચાર્જ ચોકી મેહોલ, ગોધરા તાલુકા પોલીસ સ્ટેશન હેઠળ (એએસઆઈ, જાંબુખેડા પો. સ્ટે., જિલ્લાપંચમહાલ) ખોટી એફઆઈઆર અને પંચનામુ લખીઆ નુકશાનને સાચું સાબિતકર્યુ હતું. આરોપીશિશુપાલ, રિકવરીએજન્ટે બેંક દ્વારા રિકવરીરકમની વ્યવસ્થા કરી હતી. જેથી તમામ વ્યવહાર સાચા લાગે. તપાસ પૂર્ણ કર્યા પછી સીબીઆઈ દ્વારા ૨૪.૦૬.૨૦૦૫નારોજ એસ.એ.પરમાર, તત્કાલીન સિનિયર ડિવિઝનલ મેનેજર, (ન્યુ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લિમિટેડ, ડિવિઝનલ ઓફિસ, નવસારી), એસ.આર. ચિત્રે સર્વેયર/લોસ એસેસર, મેસર્સ એસ.આર. ચિત્રે એન્ડ કંપની, મનન દિનેશભાઈ પટેલ, મેસર્સ પ્રી-કેમ ઈન્ડસ્ટ્રીઝ, વડોદરામાં ભાગીદાર (ખાનગી વ્યક્તિ), દિનેશ પરસોત્તમદાસ પટેલ, ખાનગી વ્યક્તિ, શિશુપાલ રાજપૂત, એજન્ટ તપાસ અધિકારી (ખાનગીવ્યક્તિ) અને અમરસિંહ બિયાલભાઈ, તત્કાલીન છજીઁ અને આઉટપોસ્ટ ઈન્ચાર્જ, મહેલોલ સહિતના આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરવામાંઆવી હતી. ટ્રાયલ દરમિયાન, ફરિયાદ પક્ષના ૨૫ સાક્ષીઓની તપાસ કરવામાં આવી હતી અને આરોપીઓ સામેના આરોપોના સમર્થનમાં ૨૨૮ દસ્તાવેજો/પ્રમાણો પર આધાર રાખવામાં આવ્યો હતો. સુનાવણીપછી, કોર્ટે ઉપરોક્ત તમામ આરોપીઓને દોષિત ઠેરવ્યાહતા. જેમાં જાહેર સેવકએસ.એ. પરમાર કે જેઓટ્રાયલ દરમિયાન મૃત્યુ પામ્યા છે, તેથી તેમની સામેના આરોપો ઓછા કરવામાં આવ્યા હતા.

એક રાષ્ટ્ર એક સભ્યપદ ભારતની સંશોધન પ્રણાલીને સશક્ત બનાવવી



કમલમ્,

પ્રાચીન જ્ઞાન અને સમૃદ્ધ પરંપરા ધરાવતો દેશ ભારત હંમેશા નવીનતા અને શોધની દીવાદાંડી સમાન રહ્યો છે. ગણિત અને ખગોળશાસ્ત્રમાં અગ્રેસર પ્રગતિથી માંડીને વિજ્ઞાનના વિવિધ ક્ષેત્રોમાં અભૂતપૂર્વ પ્રદાન સુધી, બૌદ્ધિક સિદ્ધિનો દેશનો વારસો અજોડ છે. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લાની પ્રાચીરથીરાષ્ટ્રને આગૌરવપૂર્ણ વારસોઅને ભારતનાભવિષ્યને આકાર આપવામાં સંશોધન અને વિકાસ (આર એન્ડ ડી)ની નિર્ણાયક ભૂમિકાની યાદઅપાવી. જ્યારે તેમણે રાષ્ટ્રને સંબોધન કર્યુંહતું, ત્યારે તેમણે સંશોધન અને વિકાસનીક્ષમતાઓને પોષવાના મહત્વ પર ખાસકરીને અમૃત કાલ દરમિયાન ભાર મૂક્યો હતો. તેમજ "જય અનુસંધાન"ના પ્રેરણાદાયક સૂત્ર સાથે નવીનતા પર નવેસરથી ધ્યાન કેન્દ્રિત કરવા હાકલ કરી હતી. ગતિશીલ આર એન્ડ ડી ઈકોસિસ્ટમ માટેની આ હાકલ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી) ૨૦૨૦માં નિર્ધારિતલક્ષ્યો સાથે પ્રતિબિંબિત થાય છે, જેસંશોધનને શૈક્ષણિક ઉત્કૃષ્ટતા અને રાષ્ટ્રીય પ્રગતિનામૂળભૂત ચાલકબળ તરીકે ઓળખે છે. નીતિ એક મજબૂત સંશોધનસંસ્કૃતિને કેળવવામાંગે છે જે માત્રશૈક્ષણિક ગુણવત્તામાંવધારો જનહીં પરંતુવૈશ્વિક મંચપર ભારતના વિકાસને પણ વેગ આપેછે. આ વિઝનને અનુરૂપ કેન્દ્રીય મંત્રીમંડળે ૨૫ નવેમ્બર, ૨૦૨૪નારોજ વન નેશન વનસબસ્ક્રિપ્શન (ઓએનઓએસ) યોજનાને મંજૂરી આપીદીધી છે. આ પહેલ દેશની સરકારીઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ(એચઈઆઈ) અને કેન્દ્ર સરકારનાસંશોધન અનેવિકાસ કેન્દ્રોના તમામવિદ્યાર્થીઓ, અધ્યાપકો, સંશોધકો અને વૈજ્ઞાનિકોને આંતરરાષ્ટ્રીય વિદ્વતાપૂર્ણ જર્નલોઅને લેખોની સુલભતા સાથેજ્ઞાન પ્રત્યેના અવરોધોને દૂર કરવાનો પ્રયાસ કરે છે.તેનો ઉદ્દેશ એ સુનિશ્ચિત કરવાનોછે કે, ભારતના શૈક્ષણિક અને સંશોધન સમુદાયો શ્રેષ્ઠ વૈશ્વિક સંસાધનોથી સજ્જ હોય, નવીનતાને પ્રોત્સાહન આપે અને તમામ શાખાઓમાં સંશોધનની ગુણવત્તાને વધારે છે. ઓએનઓએસ યોજના વર્ષ ૨૦૪૭ સુધીમાં આત્મનિર્ભર અને વિકસિત રાષ્ટ્ર બનવાની ભારતની મહત્ત્વાકાંક્ષાનો પાયો છે. આપહેલ Viksitbharat@2047 દ્રષ્ટિનોમુખ્ય ઘટકછે. આ રોડમેપમાં અત્યાધુનિક સંશોધન, ટેકનોલોજીકલ પ્રગતિઅને સ્વનિર્ભર પ્રગતિદ્વારાસંચાલિત અગ્રણી વૈશ્વિક સત્તા તરીકે ભારતનાઉદયની કલ્પના કરવામાં આવી છે. આ પ્રકારની પહેલો મારફતે ભારત જ્ઞાનના પોતાના સમૃદ્ધ વારસાનું નિર્માણ કરવાની તૈયારી કરી રહ્યું છે અને વૈશ્વિક નવીનીકરણ અને શોધમાંમોખરે છે.

ONOS યોજના ઝાંખી:

આ યોજનાનોઉદ્દેશ તમામ લાયક વિદ્યાર્થીઓ, ફેકલ્ટી, સંશોધકો અનેવૈજ્ઞાનિકોને ટોચના સ્તરના આંતરરાષ્ટ્રીય સંશોધન લેખોઅને જર્નલની સુલભતા પ્રદાન કરવાનો છે. તે દેશભરમાં ૬,૩૦૦થી વધુ સરકારી સંચાલિત ઉચ્ચશિક્ષણ સંસ્થાઓઅને કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત સંશોધન અને વિકાસસંસ્થાઓને આવરીલે છે.

આ યોજના નીચે મુજબ છે:

● ૩૦મુખ્ય આંતરરાષ્ટ્રીય પ્રકાશકો પાસેથી ૧૩,૦૦૦થી વધારે વિદ્વતાપૂર્ણ જર્નલની સુલભતા.

● સ્ટેમ (વિજ્ઞાન, પ્રૌદ્યોગિકી, એન્જિનીયરિંગ, ગણિત), ચિકિત્સા, સામાજિક વિજ્ઞાન, નાણાં અને હિસાબો વગેરે જેવા વિવિધ વિષયોમાં આશરે ૧.૮ કરોડવિદ્યાર્થીઓ, ફેકલ્ટી અને સંશોધકોને લાભ થાય છે.

● ટાયર ૨ અને ટાયર ૩ શહેરોમાં સંસ્થાઓ માટે સંશોધનની સર્વસમાવેશક સુલભતા, જે જ્ઞાનની સમાન સુલભતા સુનિશ્ચિત કરે છે.

ચાવીરૂપ ઉદ્દેશોઅને લક્ષ્યાંકો:

વિદ્વતાપૂર્ણ જ્ઞાનની સુલભતા: આ યોજના વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ-ગુણવત્તાવાળા વિદ્વતાપૂર્ણ જર્નલો અને પ્રકાશનોની સુલભતા પ્રદાન કરે છે. આનો હેતુવિદ્યાર્થીઓ, ફેકલ્ટીઅને સંશોધકોનીસંશોધન ક્ષમતાઓને વધારવામાટે જ્ઞાનની સુલભતાનું લોકશાહીકરણ કરવાનો છે.

વિવિધ સંસ્થાઓનો સમાવેશ: આ યોજના એ સુનિશ્ચિત કરે છે કે સંસ્થાઓ, તેમના ભૌગોલિક સ્થાનને ધ્યાનમાં લીધાવિના –શહેરી કેન્દ્રો અથવા અંતરિયાળ વિસ્તારોમાં – વિશ્વ-સ્તરીય સંશોધન સંસાધનોની સુલભતા ધરાવેછે. દેશમાં મુખ્ય અને આંતરશાખાકીય સંશોધનને આગળ વધારવામાટે આનિર્ણાયક છે.

વૈશ્વિક સંશોધનમાં સહભાગીતા: તે Viksitbharat@2047 લક્ષ્યાંકો સાથે સુસંગત છે, જે ભારતને તેની શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓને આંતરરાષ્ટ્રીય વિદ્વતાપૂર્ણ સમુદાયો સાથે જોડાવા સક્ષમ બનાવીને સંશોધન અને વિકાસમાં વૈશ્વિક નેતાતરીકે ઊભરી આવવામાં મદદ કરે છે.

અમલીકરણ વિગતો:

INFLIBNETદ્વારા નેશનલસબસ્ક્રિપ્શન: સમગ્રસબસ્ક્રિપ્શન પ્રક્રિયાનું કેન્દ્રીય સંકલન INFLIBNET (માહિતીઅને પુસ્તકાલય નેટવર્ક) દ્વારા કરવામાંઆવશે, જેયુનિવર્સિટી ગ્રાન્ટ્સકમિશન (યુજીસી) હેઠળ એક સ્વાયત્ત આંતર-યુનિવર્સિટી કેન્દ્ર છે. INFLIBNETઆ જર્નલમાંડિજિટલ એક્સેસના વિતરણનું સંચાલન કરશે, જે વપરાશકર્તાઓ માટે સાતત્યપૂર્ણ અનુભવને સુનિશ્ચિત કરશે.

ડિજિટલ એક્સેસ: જર્નલસંપૂર્ણપણે ડિજિટલ પ્લેટફોર્મ મારફતે સુલભ થશે, જે તમામ વપરાશકર્તાઓને સુવિધાઅને સરળતા સુનિશ્ચિત કરશે. આ અભિગમ વહીવટી જટિલતાઓને ઘટાડે છે અને માંગ પર સુલભતા ઉપલબ્ધ કરાવે છે.

સરકારીફાળવણી: પીએમ-ઓએનઓએસ પહેલ માટે કુલ ૬,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જે ત્રણ વર્ષ - ૨૦૨૫, ૨૦૨૬ અને ૨૦૨૭ને આવરી લે છે. આ ભંડોળમાં ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન તમામ સહભાગી સંસ્થાઓ માટેના સબસ્ક્રિપ્શન ચાર્જને આવરી લેવામાં આવશે. વધુમાં, ઓએનઓએસ લાભાર્થી લેખકોને પસંદ કરેલી સારી ગુણવત્તાની ઓપન એક્સેસ (ઓએ) જર્નલમાં પ્રકાશિત કરવા માટે દર વર્ષે રૂ. ૧૫૦ કરોડની કેન્દ્રીય ભંડોળ સહાય પણ પ્રદાન કરશે.

ભંડોળ અનેનાણાકીય વ્યૂહરચના:

ઓએનઓએસ માટે ૬,૦૦૦કરોડ ફાળવવામાંઆવ્યા છે, જે ૧ જાન્યુઆરી ૨૦૨૫થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૭ સુધી ઓએનઓએસના સરળઅમલીકરણને સુનિશ્ચિત કરે છે

૧ જાન્યુઆરી, ૨૦૨૫થી શરૂ થનારો ઓએનઓએસ પ્રથમ તબક્કો કેન્દ્ર અને રાજ્ય સરકારની યુનિવર્સિટીઓઅને કોલેજો સહિત ૬,૩૦૦થીવધારે સરકારીશૈક્ષણિક અને સંશોધન અને વિકાસ સંસ્થાઓ માટે ૧૩,૦૦૦થીવધારે જર્નલની સુલભતા પ્રદાન કરશે. આનોઅર્થ એ થયો કે લગભગ ૧.૮ કરોડ વિદ્યાર્થીઓ, ફેકલ્ટી અને સંશોધકોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત સંશોધન પ્રકાશનોનીસુવિધા મળે છે.

ઓએનઓએસ ફેઝ ૧ હેઠળ ૩૦ પ્રકાશકોના જર્નલ માટે સબસ્ક્રિપ્શન ચાર્જ આઈએનએફએલઆઈબીનેટ દ્વારા કેન્દ્રીય રીતે ચૂકવવામાં આવશે, જેમાં કેન્દ્રીય મંત્રાલયો હેઠળ લાઈબ્રેરી કન્સોર્ટિયા, એચઈઆઈ અને આર એન્ડ ડી સંસ્થાઓની ચુકવણીને આવરી લેવામાં આવશે. પ્રથમ તબક્કામાં સામેલ ન હોય તેવા સંસાધનો માટે સ્વતંત્ર સબસ્ક્રિપ્શનસચાલુ રહેશે.

આ તબક્કો કાર્યક્રમનું માળખું સ્થાપિત કરશે અને એ સુનિશ્ચિત કરશેકે મુખ્ય સંશોધન સંસાધનોભારતભરની મોટી સંખ્યામાં સંસ્થાઓને ઉપલબ્ધકરાવવામાં આવે.

આ સહભાગી સંસ્થાઓનાં સંશોધકોનાં પસંદ કરેલા ઉચ્ચ ગુણવત્તાયુક્ત સંશોધન પ્રકાશનો માટે પ્રકાશકોને આર્ટિકલ પ્રોસેસિંગ ચાર્જિસ (એપીસી)ની ચુકવણીની પણ આ તબક્કામાં કલ્પના કરવામાં આવી છે.

ઓએનઓએસના પ્રથમ તબક્કાના અનુભવનો ઉપયોગ ઓએનઓએસના અનુગામી તબક્કાઓ ડિઝાઈન કરવા માટે કરવામાં આવશે.

વધુ સુધારા અનેખાસિયતો:

હાલની પહેલો સાથે સમન્વય: ઓએનઓએસ યોજના વર્તમાન અનુસંધાન નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન (એએનઆરએફ)નીપૂરક બનશે, જેની રચના સમગ્ર ભારતમાં સંશોધન અને વિકાસની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે કરવામાંઆવી છે. ઓએનઓએસ આંતરરાષ્ટ્રીય સંશોધન સામગ્રીઓ સુધી સરળતાપૂર્વક પ્રવેશની સુવિધા આપશે, જે સરકાર દ્વારાસંચાલિત સંસ્થાઓમાંસંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવાના ફાઉન્ડેશનના ધ્યેયને ટેકો આપશે.

આર્ટિકલ પ્રોસેસિંગ ચાર્જિસ (એપીસી) પર ડિસ્કાઉન્ટ: ઓએનઓએસની નોંધપાત્રલાક્ષણિકતાઓમાંની એક આર્ટિકલ પ્રોસેસિંગ ચાર્જિસ (એપીસી) પરની છૂટ છે. જર્નલો સામાન્ય રીતે સંશોધન લેખો પ્રકાશિત કરવા માટે આ શુલ્ક વસૂલતા હતા. પ્રકાશકો સાથેનીચા એપીસી અંગે વાટાઘાટોકરીને આયોજના ભારતીય સંશોધકોને ભારે નાણાકીય ખર્ચ કર્યા વિના ઉચ્ચ ગુણવત્તાયુક્ત જર્નલમાં તેમના કાર્યને પ્રકાશિત કરવામાં મદદરૂપ થશે.

ઉપસંહાર:

વન નેશન વન સબસ્ક્રિપ્શન પહેલ એ ભારતની સંશોધન પ્રણાલી માટે ગેમ-ચેન્જિંગ સ્કીમ છે. ૩૦ આંતરરાષ્ટ્રીય પ્રકાશકો પાસેથી ૧૩,૦૦૦થી વધારે જર્નલને ડિજિટલ સુલભતા પ્રદાન કરીને તે સમગ્ર ભારતમાં સંશોધન માળખાગત સુવિધાઓમાંરહેલી ખામીઓ દૂર કરશે. તેના તબક્કાવાર અમલીકરણ મારફતે આ યોજના ભારતની શૈક્ષણિક અને સંશોધન ઉત્કૃષ્ટતાને વધારવામાં, નવીનતાને પ્રોત્સાહન આપવામાં અને દેશને વૈજ્ઞાનિક સંશોધન માટેવૈશ્વિક કેન્દ્ર તરીકે વિકસિત કરવા માટે મદદ કરવામાં નોંધપાત્ર ફાળો આપશે.

કેન્દ્ર સરકારના ૧૦ મંત્રાલયો અને વિભાગો તેમજ ઘણી સરકારી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓની પહેલોનીહાલની સંસ્થાઓની પહેલનો ઉપયોગ કરીને, એકરાષ્ટ્ર એકસબસ્ક્રિપ્શન દ્વારા એકીકૃત અભિગમજ્ઞાનના પ્રસારનું લોકશાહીકરણ કરશે અને સંશોધકો અનેવિદ્યાર્થીઓની નવીપેઢીને સશક્ત બનાવશે, જે તેમને ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરવા માટે જરૂરી સંસાધનો પ્રદાન કરશે.

ઓએનઓએસએ દેશમાં જ્ઞાનની એક્સેસને પરિવર્તિત કરવા માટે એક વ્યાપક દ્રષ્ટિનો મુખ્ય ભાગ છે. બહુઆયામી અભિગમના પ્રથમ પગલા તરીકે, તે વ્યાપકપણે ઉપયોગમાં લેવાતા સબસ્ક્રિપ્શન મોડેલ દ્વારા એક્સેસને વિસ્તૃત કરે છે. અન્ય પગલાઓ શરૂઆતમાંભારતીય જર્નલો અને ભંડારોને પ્રોત્સાહન આપવા અને પછી નવી સંશોધન મૂલ્યાંકન પદ્ધતિઓ રજૂ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જે જર્નલ મેટ્રિક્સ અને નવીનતા અને ઉદ્યોગસાહસિકતા જેવાપરિબળો બંનેને ધ્યાનમાં લે છે.

વલસાડ જિલ્લા કલેકટરશ્રી નૈમેષ દવેના અધ્યક્ષસ્થાને નેશનલ રોડ સેફ્ટી મંથની ઉજવણીનો પ્રારંભ કરાયો

વધતા જતા અકસ્માતો સામે શાળા અને કોલેજોમાં જાગૃતિ કાર્યક્રમો હાથ ધરવા કલેક્ટરશ્રી દ્વારા સૂચન કરાયું

કમલમ્, વલસાડ,

વલસાડ જિલ્લા આરટીઓ કચેરી દ્વારા જિલ્લા કલેકટરશ્રી નૈમેષ દવેના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરીના સભાખંડમાં નેશનલ રોડ સેફટી મંથની ઉજવણીનો ''સડક સુરક્ષા, જીવન રક્ષા''ની ટેગલાઈન સાથે શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રીએ દીપ પ્રાગ્ટ્ય કરી જણાવ્યું કે, ઘણીવાર અમુક અકસ્માતો ખાડાના કારણે અથવા ભયજનક વળાંકને કારણેપણ થાય છે, જેથી રોડ સુધારણા કામગીરી કરવાની જરૂર છે. ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા વાહન ચાલકોના હોર્ન કાઢી દંડનીય કામગીરી કરવી જરૂરી છે. વાહનોમાં લગાવવામાં આવતી એલઈડી લાઈટથી સામે વાળા વાહન ચાલકની આંખ અંજાઈ જતા પણ અકસ્માતો થઈ રહ્યા છે તેની સામે પણ કાર્યવાહી જરૂરી છે. વાહનો પણ પાછળના ભાગે રેડિયમની પટ્ટી અવશ્ય લગાવેલી હોવી જોઈએ. પદયાત્રીઓની સુરક્ષાબાબતે અને સાંકડા રસ્તાને પહોળા કરી શક્ય હોય તો ડિવાઈડર બનાવવા માટે પણ કલેકટરશ્રીએ સૂચન કર્યુ હતું. વધુમાંતેમણે હેલમેટ પહેરવા, સીટ બેલ્ટ બાંધવા અને ટ્રાફિક નિયમોનું પાલન કરવા માટે પણ જણાવ્યુ હતું. કલેકટરશ્રીએ યુવાધનને સંદેશ આપતા કહ્યું કે, સ્પીડનો આનંદ ક્ષણિક છે પરંતુ અકસ્માતમાં મોત અથવા ગંભીર રીતે ઘાયલ થયા બાદ પરિવાર મુશ્કેલીમાં મુકાતો હોય છે જેથી નવા વર્ષમાં વાહન ચલાવતી વખતે પોતાની તથા અન્યની કાળજી રાખવા અને ટ્રાફિક નિયમોનું પાલન કરવા અનુરોધ કર્યો હતો. અધિક જિલ્લા કલેકટર શ્રીમતી અનસૂયાજહાએ જણાવ્યું કે, માર્ગ અકસ્માત સામે સામાન્ય જનતામાં જાગૃતિ ફેલાવવા માટે આરટીઓ દ્વારા શાળા કોલેજોમાં પ્રોગામો કરવા જરૂરી છે. વલસાડ જિલ્લા આરટીઓ અધિકારી નિકુંજ ગજેરાએ જણાવ્યું કે, ભારતમાં વર્ષ ૨૦૨૪માં ૧.૭ લાખથી વધુ લોકો અકસ્માતમાં મોતને ભેટયા છે. સાડા ચાર લાખથી વધુ લોકો અકસ્માતમાં ઘાયલ થતા કાયમી ખોડખાપણ ધરાવે છે. જેમાં મુખ્યત્વે ૧૮ થી ૪૫ વર્ષની વયના લોકોનો સમાવેશ થાય છે. ટુ વ્હીલર વાહન ચાલકો અને રાહદારીઓ માર્ગ અકસ્માતમાં ૬૪ ટકા હિસ્સો ધરાવે છે. જેથી આગામી દિવસોમાં શાળા કોલેજોમાં પોલીસ સાથે મળી માર્ગ સલામતી અંગે જાગૃતતા સેમિનાર, બ્લેકસ્પોટ અંગે સમીક્ષા, આરોગ્ય વિભાગ અને ૧૦૮ દ્વારા પ્રાથમિક સારવાર અંગે તાલીમ અને બ્લડ ડોનેશન કેમ્પ તેમજ હેલમેટ, સીટ બેલ્ટને લગતી દંડનીય કામગીરી કરાશે. આરોગ્ય ખાતા સાથે મળી આઈ ચેકઅપ કેમ્પ કરાશે. જીઆઈડીસીઓમાં જઈ હેવી વ્હીકલ ચલાવતા વાહન ચાલકો માટે માર્ગદર્શન કાર્યક્રમ યોજાશે. આ બેઠકમાં જિલ્લા પુરવઠા અધિકારી દિપક બારીયા, માર્ગ અને મકાન વિભાગ પંચાયતના કાર્યપાલક ઈજનેર અમિષ પટેલ સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશ પટેલની ઈજનેરી ક્ષેત્રે રી-સ્ટ્રકચરીંગની પહેલનું ઉત્તમ પરિણામ

વર્ષ ૨૦૨૨ની સાપેક્ષે વર્ષ ૨૦૨૪માં સરકારી ઇજનેરી કોલેજ પ્રવેશમાં ૫૭ ટકા; ઇમર્જીંગ ઇજનેરીમાં ૬૪ ટકાનો વધારો



કમલમ્,

કોઈપણ રાષ્ટ્રના, દેશના કે પછી રાજ્યના વિકાસમાં, શિક્ષણની અહમ ભૂમિકા હોય છે. શિક્ષણ દેશના વિકાસની કરોડરજ્જુ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં અને ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રીશ્રી ઋષિકેશ પટેલના સમર્થ નેતૃત્વમાં રાજ્યના તમામ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાનો રાજ્ય સરકારનો ધ્યેય છે. જે અંતર્ગત ગુજરાતે સમયસર ઈજનેરી ક્ષેત્રે વિદ્યાશાખાઓનો રી-સ્ટ્રકચરીંગ કરી પરિણામલક્ષી કામગીરી કરી છે. જેના પરિણામે વર્ષ ૨૦૨૨ની સાપેક્ષે સરકારી ઈજનેરી કોલેજ પ્રવેશમાં ૫૭ % જેટલો વધારો નોંધાયો છે. રાજ્યમાં સરકારી ઈજનેરી કોલેજોમાં કોર બ્રાંચ જેવી કે સિવિલ, ઈલેકટ્રીકલ, મિકેનિકલમાં ૮૦ ટકા બેઠકો ભરાયેલી છે. જયારે ઈમર્જીંગ ઈજનેરીની વિદ્યાશાખામાં ૧૦૦ ટકા બેઠકો ભરાયેલ છે. વર્ષ ૨૦૨૪માં સરકારી અને અનુદાનિત ઈજનેરી સંસ્થાઓની ૮૪.૩ ટકા તેમજ સ્વનિર્ભર સંસ્થાઓની ૪૮ ટકા એમ કુલ મળી ઈજનેરીની ૫૪ ટકા બેઠકો પર વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.

ડિપ્લોમાં ઈજનેરી

પ્રવર્તમાન સમયમાં ઘણા વિદ્યાર્થીઓ ડિપ્લોમાં ડિગ્રી પણ કરતા હોય છે. જેમાં પ્રવેશ વર્ષ ૨૦૨૨ની સાપેક્ષે સરકારી પોલીટેકનીક કોલેજના પ્રવેશમાં ૨૨ ટકા જેટલો વધારો જોવા મળ્યો છે. જે અંતર્ગત સરકારી પોલીટેકનીક કોલેજોમાં આઈ.ટી., સિવિલ, ઈલેકટ્રીકલ, મિકેનિકલ વિગેરે વિદ્યાશાખામાં ૮૦ ટકા અને ઈમર્જીંગ ઈજનેરીની વિદ્યાશાખામાં વર્ષ ૨૦૨૨ની સાપેક્ષે પ્રવેશમાં ૬૪ ટકાનો વધારો થયો છે, જે રાજ્ય માટે યશકલગી સમાન છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી વર્ષોની જરૂરીયાત ધ્યાને લઈ સરકારી ઈજનેરી કોલેજો અને ડિપ્લોમાં ડિગ્રીમાં વર્ષ ૨૦૨૨થી વિવિધ નવા ઈમર્જીંગ ટેકનોલોજીનાં અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યા છે. સાથોસાથ રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રે જરૂરીયાત મુજબ રી-સ્ટ્રકચરીંગ કરી વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય કરવામાં આવે છે.

અટારી-પુનાના ડાયરેકટરશ્રી ડો. એસ.કે.રોયએ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, તરઘડિયાની મુલાકાત લીધી

કમલમ્, રાજકોટ

ગુજરાત, મહારાષ્ટ્ર અને ગોવા - આ ત્રણ રાજ્યનાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રોનો ઝોન એટલે અટારી-પુના. અટારી-પુના કેન્દ્રના ડાયરેક્ટરશ્રી ડો. એસ. કે. રોય દ્વારા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, તરઘડિયા, રાજકોટની મુલાકાત કરવામાં આવી હતી. તેમણે કેન્દ્ર ખાતે કાર્યરત વિવિધ વિસ્તરણ પ્રવૃતિઓ, પ્રાકૃતિક ખેતીની પ્રવૃતિઓ તેમજ વિવિધ યોજનાઓની પ્રવૃતિઓ અંગે જાણકારી મેળવી હતી. તેમણે વિવિધ યુનિટ જેવા કે પાક કૌતુકાલય, વર્મીકમ્પોસ્ટ યુનિટ, નાડેપ કમ્પોસ્ટ યુનિટ, એન્ટોમોફેગસ પાર્ક, રેઈન વોટર હાર્વેસ્ટિંગ યુનિટ, પોષણ વાટિકા, પ્રાકૃતિક ખેતીપ્લોટ, સૌરઉર્જા પાર્ક, વરસાદી પાણીના સંગ્રહ માટે ખેત તલાવડી, આધુનિક સુવિધાઓથી સજ્જ ટ્રેનિંગ હૉલ વગેરેની વિસ્તૃત માહિતી મેળવી હતી. તેઓ કે.વી.કે. ફાર્મ ખાતે વાવેલા બ્રીડર કક્ષાના ચણાના પાકની માવજત નિહાળીને પ્રભાવિત થયા હતાં અને ટીમને અભિનંદન પાઠવ્યા હતાં. આ તકે જુનાગઢ કૃષિ યુનિવર્સીટીના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડો. એન. જે. જાદવ, સહ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડો. એચ. સી. છોડવડીયા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર - તરઘડિયાના વડાશ્રી ડો. જી. વી. મારવિયા, કૃષિ વૈજ્ઞાનિકો શ્રી ડો. જે. એચ. ચૌધરી, શ્રી ડી. પી. સાનેપરા, શ્રી હેતલબેન મણવર, ખેતીવાડી અધિકારીઓ શ્રી અનુપભાઈ ડાભી, શ્રી સહદેવભાઈ રાઠવા સહિતના સ્ટાફ ઉપસ્થિત રહ્યાં હતાં, તેમ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, તરઘડિયાની યાદીમાં જણાવાયું છે.

વલસાડના અટારની પી.કે.ડી વિદ્યાલયમાં સ્પોર્ટ્સ ડેની ઉજવણી

કમલમ્, વલસાડ,

વલસાડ તાલુકાના અટાર ગામમાં નવસર્જન કેળવણી મંડળ સંચાલિત પી.કે.ડી વિદ્યાલયમાં સ્પોર્ટ્સ ડે ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધો. ૧ થી ધો. ૧૨ સુધીના તમામ વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પોર્ટ્સ ડે નીધો. ૧ થી ૫ અને ધો. ૬ થી ૧૨ એમ બે વિભાગમાં વહેંચણી કરવામાં આવી હતી. ઉદ્‌ઘાટન સમારંભમાં ઈનરવીલ ક્લબ ઓફ વલસાડના પ્રેસિડન્ટ મનિષાબેન દેસાઈ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. અતિથિ વિશેષ તરીકે મંડળના ઉપપ્રમુખ બળવંતભાઈ ગજધર ઉપસ્થિત રહ્યા હતા. તમામ વિદ્યાર્થીઓની ગ્રીન ઝોન, રેડ ઝોન, બ્લેક ઝોન અને યલો ઝોન એમ ચાર વિભાગોમાં વહેંચણી કરવામાં આવી હતી. આ ચાર ઝોનના સ્પર્ધકો વચ્ચે સ્પર્ધા યોજાઈ હતી. પ્રત્યેક સ્પર્ધામાં ભારે રસાકસી જોવા મળી હતી. તમામ સ્પર્ધકોએ પોતપોતાના ઝોનને જીતાડવા માટે કમર કસી હતી. દિવસના અંતે વિવિધ સ્પર્ધાઓમાં સૌથી વધુ વિજેતા બનેલા એવા બ્લેક ઝોનને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે વિજેતા બનેલા તમામ સ્પર્ધકોને મહેમાનશ્રીઓના હસ્તે સર્ટિફિકેટ અને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. વિજેતા બનેલા બ્લેક ઝોનના તમામ સ્પર્ધકોને મુખ્ય ટ્રોફીથી નવાજવામાં આવ્યા હતા. શાળાના તમામ વિદ્યાર્થીઓ માટે શાળાના શિક્ષકો તરફથી ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવામાં શિક્ષકોએ ભજવેલી ભૂમિકાને શાળાના આચાર્ય જીતેન્દ્રકુમાર એમ ટંડેલ દ્વારા બિરદાવામાં આવી હતી. નસર્જન કેળવણી મંડળ પ્રમુખ ભીખુભાઈ દેસાઈ અને મંત્રી ડૉ દીપકભાઈ દેસાઈ તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

વલસાડ જિલ્લા તિજોરી કચેરી દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ, સુરતની ટીમ વિજેતા

કમલમ્, વલસાડ

વલસાડ જિલ્લા તિજોરી કચેરી દ્વારા દક્ષિણ ગુજરાત હિસાબી પરિવાર ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૪નું આયોજન ચીખલીના ગોલવાડ ફ્રેન્ડ ગ્રુપ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં વલસાડ, ડાંગ-આહવા, નવસારી, સુરત, તાપી અને ભરૂચ એમ છ જિલ્લાઓની આઠ ટીમોએ ભાગ લીધો હતો. ક્રિકેટ મેચમાં જિલ્લા તિજોરી કચેરી, સ્થાનિક ભંડોળ હિસાબ, પેન્શન ચૂકવણા કચેરી તથા હિસાબી પરિવારના અધર ડિપાર્ટમેન્ટના અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓએ ભાગ લીધો હતો. સુરત અને તાપી જિલ્લા વચ્ચે ફાઈનલ મેચ રમાઈ હતી, જેમાં સુરત જિલ્લાની ટીમને વિજય પ્રાપ્ત થયો હતો. મેન ઑફ ધ મેચ, મેન ઑફ ધ સિરીઝ, રનર્સ અપ ટીમ અને વિજેતા ટીમને અધિકારીશ્રીઓના હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. રમત રમવાનો ખાસ હેતુ સતત કચેરીના કામમાં વ્યસ્ત રહેતા અધિકારીશ્રીઓ અને કર્મચારીઓને એક અલગ માહોલ મળી રહે એકબીજાનો પરિચય કેળવાય તથા ખેલદીલી, એકતા, સહકારની ભાવના જળવાય રહે એ માટે વલસાડ જિલ્લા તિજોરી કચેરી દ્વારા આયોજન કરાયુ હતું.

ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા થલતેજમાં અદ્યતન વાંચનાલય બનાવાશે : સ્નાનાગારમાં નવો ફિલ્ટ્રેશન પ્લાન્ટ નખાશે

કુલાધિપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષપદે મળેલી ગુજરાત વિદ્યાપીઠ મંડળની બેઠકમાં મહત્વના નિર્ણયો લેવાયા

કમલમ્,

ગુજરાત વિદ્યાપીઠના અમદાવાદના થલતેજ વિસ્તારમાં આવેલા ગ્રામ વિસ્તરણ કેન્દ્રના પુસ્તકાલયને અદ્યતન બનાવાશે. યુવાનો આ વાંચનાલયનો મહત્તમ ઉપયોગ કરે એ પ્રકારે તેનો વિકાસ કરાશે. ગુજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં આજે યોજાયેલી ગુજરાત વિદ્યાપીઠ મંડળની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો. ગૂજરાત વિદ્યાપીઠની પ્રવૃત્તિઓનો વ્યાપ વધે અને નાગરિકો વિદ્યાપીઠની સેવાઓનો વિશેષ લાભ લઈ શકે એ પ્રકારે ગૂજરાત વિદ્યાપીઠ મંડળ દ્વારા અનેક સર્જનાત્મક નિર્ણયો લેવાઈ રહ્યા છે. ગુજરાત વિદ્યાપીઠના આંતરરાષ્ટ્રીય કક્ષાના સ્વિમિંગ પૂલનો લાભ અનેક નાગરિકો લઈ રહ્યા છે. વિદ્યાપીઠના સંકુલમાં આવેલા આ સ્નાનાગારમાં રૂ. ૩૦ લાખના ખર્ચે નવો અદ્યતન ફિલ્ટ્રેશન પ્લાન્ટ નાખવાનો નિર્ણય પણ આ બેઠકમાં લેવાયો હતો. ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ગાંધીનગરના રાંધેજામાં, મધ્ય ગુજરાતના દેથલીમાં અને દક્ષિણ ગુજરાતના અંભેટીમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. આ કેન્દ્રોની આસપાસના ખેડૂતોને યોગ્ય વૈજ્ઞાનિક માર્ગદર્શન મળી રહે તે હેતુથી આ કેન્દ્રોનો પ્રાકૃતિક કૃષિ પદ્ધતિના તાલીમ કેન્દ્ર તરીકે વિકાસ કરાઈ રહ્યો છે. અંભેટીનું કૃષિ વિજ્ઞાન કેન્દ્ર મિલેટ્સ અને ચોખાનું ઉત્પાદન કેન્દ્ર બને, દેથલીનું કેન્દ્ર બીજ ઉત્પાદન અને ફૂડપ્રોસેસિંગનું મહત્વનું સેન્ટર બને તથા રાંધેજાનું કેન્દ્ર પંચસ્તરીય પ્રાકૃતિક ખેતીનું આદર્શ મોડેલ ફોર્મ બને એ માટેના નિર્ણયો લેવાયા હતા. ગુજરાત વિદ્યાપીઠ મંડળની વર્ષ ૨૦૨૪-૨૫ ની આ તૃતીય બેઠકમાં કુલપતિ શ્રી ડૉ. હર્ષદ પટેલ, મંડળના ટ્રસ્ટીઓ શ્રી ભુપેન્દ્ર સિંહ ચુડાસમા, શ્રી હસમુખભાઈ પટેલ, શ્રી દિલીપભાઈ ઠાકર, શ્રી ચંદ્રવદનભાઈ શાહ, શ્રી સુરેશભાઈ રામાનુજ અને આયેશાબેન પટેલે ઉપસ્થિત રહીને વિચાર-વિમર્શમાં ભાગ લીધો હતો.

ગૂજરાત વિદ્યાપીઠના નવા વર્ષના કેલેન્ડરમાં પ્રાણજીવન વિદ્યાર્થી ભવનની શતાબ્દીની થીમ : શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે વિમોચન

પહેલા પદવીદાન સમારોહની આચાર્ય ગીદવાણીથી લઈને ૭૦ મા પદવીદાન સમારોહની આચાર્ય દેવવ્રતજી સુધીની તસવીરો : પૂજ્ય ગાંધીજીના ૧૧ મહાવ્રતો પણ અંકિત

કમલમ્,

ગુજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે ગુજરાત વિદ્યાપીઠ મંડળની બેઠક દરમિયાન વિદ્યાપીઠના વર્ષ-૨૦૨૫ના કેલેન્ડર અને ડાયરીનું વિમોચન કર્યું હતું. ગુજરાત વિદ્યાપીઠના પદવીદાન સમારોહ જ્યાં યોજાય છે તે વિદ્યાપીઠ સંકુલમાં આવેલા પ્રાણજીવન વિદ્યાર્થી ભવનની સ્થાપનાને ૧૦૦ વર્ષ થયા છે. વર્ષ-૧૯૨૫ માં નિર્માણ પામેલા પ્રાણજીવન વિદ્યાર્થી ભવનની શતાબ્દીના આ વર્ષના કેલેન્ડરમાં સીમાચિહ્ન સ્વરૂપ પદવીદાન સમારોહની અલભ્ય તસવીરો મૂકવામાં આવી છે. તા. ૧૨ જૂન, ૧૯૨૨ ના રોજ યોજાયેલા પહેલા પદવીદાન સમારોહમાં આચાર્ય ગીદવાણીજી ઉપસ્થિત રહ્યા હતા. તે તસવીરથી લઈને તા. ૨૧ જુલાઈ, ૨૦૨૪ ના રોજ આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં યોજાયેલા ૭૦ મા પદવીદાન સમારોહ સુધીની મહત્વની તસવીરો આ કેલેન્ડરમાં સમાવિષ્ટ કરવામાં આવી છે. એટલું જ નહીં પૂજ્ય ગાંધીજીના ૧૧ મહાવ્રતને પણ આ કેલેન્ડરમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ ટેબલ કેલેન્ડર મહત્વનું સંભારણું બની રહેશે.

ભારતીય નૌકાદળમાં ત્રણ ફોરવર્ડ ફલીટ એસેટ્સ નીલગીરી, સુરત અને વાગશીરને સામેલ કરવા તૈયાર

ત્રણેય લડાયક જહાજની એક જ દિવસે નિયુક્તિ કરવામાં આવશે

કમલમ્,

૧૫ જાન્યુઆરી ૨૫ ભારતના ઈતિહાસમાં એક ઐતિહાસિક દિવસ બનવા જઈ રહ્યો છે. કારણ કે ભારતીય નૌકાદળ ત્રણ વોરશિપ - પ્રોજેક્ટ ૧૭એ સ્ટીલ્થ ફ્રિગેટ ક્લાસનું મુખ્ય જહાજ નીલગીરી; પ્રોજેક્ટ ૧૫બી સ્ટીલ્થ ડિસ્ટ્રોયર ક્લાસનું ચોથું અને અંતિમ જહાજ સુરત અને સ્કોર્પિયન-ક્લાસ પ્રોજેક્ટની છઠ્ઠી અને અંતિમ સબમરીન વાગશીર – ને મુંબઈ સ્થિત નેવલ ડોકયાર્ડમાં એક સાથે સામેલ કરવાની તૈયારીઓ કરી રહ્યું છે. આ ઐતિહાસિક ઘટનાથી ભારતીય નૌકાદળની યુદ્ધક્ષમતાને નોંધપાત્ર પ્રોત્સાહન મળશે અને સ્વદેશી જહાજ નિર્માણમાં દેશની અગ્રગણ્ય સ્થિતિ પર ભાર મૂકવામાં આવશે. આ ત્રણેય પ્લેટફોર્મની ડિઝાઈન અને નિર્માણ સંપૂર્ણપણે મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ (એમડીએલ), મુંબઈ ખાતે કરવામાં આવ્યું છે, જે સંરક્ષણ ઉત્પાદનના મહત્વપૂર્ણ ક્ષેત્રમાં ભારતની વધતી જતી આત્મનિર્ભરતાનો પુરાવો છે. આ અદ્યતન યુદ્ધ જહાજો અને સબમરીનોનું સફળતાપૂર્વક કમિશનિંગ યુદ્ધજહાજની ડિઝાઈન અને બાંધકામમાં થયેલી ઝડપી પ્રગતિને દર્શાવે છે. જે સંરક્ષણ ઉત્પાદનમાં વૈશ્વિક નેતા તરીકે ભારતની સ્થિતિને મજબૂત બનાવે છે. પ્રોજેક્ટ ૧૭એનું મુખ્ય જહાજ નીલગિરી, શિવાલિક-ક્લાસ ફ્રિગેટ્સ પર એક મોટી પ્રગતિ છે. જેમાં અત્યાધુનિક તકનીક દ્વારા નોંધપાત્ર સ્ટીલ્થ સુવિધાઓ અને રડાર સિગ્નેચર સામેલ છે. પ્રોજેક્ટ ૧૫બી ડિસ્ટ્રોયર, સુરત, કોલકાતા-ક્લાસ (પ્રોજેક્ટ ૧૫એ) ડિસ્ટ્રોયરમાં ફોલો-ઓન ક્લાસની છે, જેમાં ડિઝાઈન અને ક્ષમતાઓમાં નોંધપાત્ર સુધારો છે. બંને જહાજોની ડિઝાઈન ભારતીય નૌકાદળના વોરશિપ ડિઝાઈન બ્યુરો દ્વારા કરવામાં આવી હતી અને તે મુખ્યત્વે ભારતમાં અથવા અગ્રણી વૈશ્વિક ઉત્પાદકો સાથે વ્યૂહાત્મક જોડાણ દ્વારા વિકસાવવામાં આવેલા અદ્યતન સેન્સર અને શસ્ત્ર પેકેજોથી સજ્જ છે. આધુનિક ઉડ્ડયન સુવિધાઓથી સજ્જ, નીલગિરિ અને સુરત દિવસ અને રાત બંને કામગીરી દરમિયાન ચેતક, એએલએચ, સી કિંગ અને નવા સામેલ એમએચ -૬૦ આર સહિતના હેલિકોપ્ટરની શ્રેણીનું સંચાલન કરી શકે છે. રેલ-લેસ હેલિકોપ્ટર ટ્રાવર્સિંગ સિસ્ટમ અને વિઝ્યુઅલ એઈડ એન્ડ લેન્ડિંગ સિસ્ટમ જેવી ખાસિયતો તમામ પરિસ્થિતિઓમાં સાતત્યપૂર્ણ કામગીરી સુનિશ્ચિત કરે છે. આ જહાજોમાં મહિલા અધિકારીઓ અને ખલાસીઓની મોટી સંખ્યામાં સમર્થન કરવા માટે વિશેષ વ્યવસ્થા પણ સામેલ છે. જે ફ્રન્ટલાઈન કોમ્બેટ ભૂમિકાઓમાં લૈંગિક સમાનતા તરફના નૌકાદળના પ્રગતિશીલ પગલાઓ સાથે સુસંગત છે. કલવરી-ક્લાસ પ્રોજેક્ટ ૭૫ હેઠળ છઠ્ઠી સ્કોર્પીન-ક્લાસ સબમરીન વાગશીર વિશ્વની સૌથી શાંત અને બહુમુખી ડીઝલ-ઈલેક્ટ્રિક સબમરીનમાંની એક છે. તે એન્ટી સરફેસ વોરફેર, સબમરીન-વિરોધી યુદ્ધ, ગુપ્ત માહિતી એકઠી કરવી, ક્ષેત્રની દેખરેખ રાખવી અને વિશેષ કામગીરી સહિત વિવિધ પ્રકારના મિશન હાથ ધરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. વાયર-ગાઈડેડ ટોર્પીડો, એન્ટિ-શિપ મિસાઈલ્સ અને અદ્યતન સોનાર સિસ્ટમ્સથી સજ્જ આ સબમરીનમાં મોડ્યુલર બાંધકામ પણ છે, જે ભવિષ્યમાં એર ઈન્ડિપેન્ડન્ટ પ્રોપલ્શન (એઆઈપી) ટેકનોલોજીના સંકલન જેવા અપગ્રેડેશનની મંજૂરી આપે છે. નીલગિરિ, સુરત અને વાગશીરનું સંયુક્ત કમિશનિંગ સંરક્ષણ ક્ષેત્રે સ્વાવલંબન અને સ્વદેશી જહાજ નિર્માણમાં ભારતની અજોડ પ્રગતિ દર્શાવે છે. જહાજોએ મશીનરી, હલ, ફાયર-ફાઈટિંગ અને ડેમેજ કન્ટ્રોલ મૂલ્યાંકન સહિતની આકરી કસોટીઓમાંથી પસાર થવું પડ્યું છે, તેમજ દરિયામાં તમામ નેવિગેશન અને કમ્યુનિકેશન સિસ્ટમ્સને સાબિત કરી છે, જે તેમને સંપૂર્ણપણે કાર્યરત અને જમાવટ માટે તૈયાર કરે છે. આ ઐતિહાસિક પ્રસંગ ન માત્ર નૌકાદળની દરિયાઈ શક્તિમાં વધારો દર્શાવે છે પરંતુ સાથે સંરક્ષણ ઉત્પાદન અને આત્મનિર્ભરતામાં રાષ્ટ્રની નોંધપાત્ર સિદ્ધિઓનું પણ પ્રતીક દાખવે છે. આ ભારતીય નૌકાદળ અને સંપૂર્ણ રાષ્ટ્ર માટે ગર્વની ક્ષણ છે, જે એક મજબૂત અને આત્મનિર્ભર સંરક્ષણ પ્રણાલીનું નિર્માણ કરવાની ભારતની કટિબદ્ધતાને વધારે મજબૂત કરે છે.



• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :- Captial Offset 801/1, G.i.d.c., Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028